NIPUN BHARAT

PM SHRI

સમગ્ર શિક્ષા ગુજરાત

વર્ષ 2025-26

QE CELL

માર્ગદર્શિકા

શાળાનું નામ ....

UDISE NO. .... તાલુકો .... જિલ્લો ....

શાળાનું નામ ....

UDISE NO. .... તાલુકો .... જિલ્લો ....

આચાર્યશ્રીનું નામ ....

સંપર્ક નં. ....

ક્રમ	પ્રવૃત્તિનું નામ	પ્રવૃત્તિ પૂર્ણ થયા તારીખ	પ્રાપ્ત થયેલ ગ્રાન્ટ (₹ માં)	ખર્ચ થયેલ ગ્રાન્ટ (₹ માં)
1	Science Circles & Maths Circles			
2	વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન			
3	SPORTS DAY CELEBRATION			
4	Twinning of schools (Elementary)			
5	Safety and Security at School			
6	યુથ અને ઈકો ક્લબ			
7	PM SHRI શાળાઓમાં ક્ષેત્રિય મુલાકાત / પ્રવાસ			

અનુક્રમણિકા

1 Science Circles & Maths Circles — 1

2 વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન — 5

3 SPORTS DAY CELEBRATION — 8

4 Twinning of schools (Elementary) — 10

5 Safety and Security at School — 15

6 યુથ અને ઈકો ક્લબ — 19

7 PM SHRI શાળાઓમાં ક્ષેત્રિય મુલાકાત / પ્રવાસ — 30

8 એક ભારત શ્રેષ્ઠ ભારત — 33

9 વાલી-શિક્ષક મિટિંગ 36

10 પ્રાકૃતિક ખેતી (ઓર્ગેનિક ફાર્મિંગ) પ્રોજેક્ટ 41

11 રાષ્ટ્રીય આવિષ્કાર અભિયાન ગણિત / વિજ્ઞાન કિટ 47

12 રોબોટિક અને એન્જિનીયરિંગ કિટ 53

13 રંગોત્સવ 62

14 ID-Card 66

15 Sports Wear 69

16 સંગીતના સાધનો 73

17 Social Science Kit 78

18 વિદ્યાંજલિ 82

રાષ્ટ્રીય આવિષ્કાર અભિયાન અંતર્ગત

Science Circles & Maths Circles

માર્ગદર્શિકા

રાષ્ટ્રીય આવિષ્કાર અભિયાન અંતર્ગત PM Shri શાળાઓમાં ધોરણ - 6 થી 12ના વિદ્યાર્થીઓ માટે "Science Circles & Maths Circles" કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવેલ છે. શાળાઓને આ સર્કલની રચના કરવા માટે નીચે મુજબની ગ્રાન્ટ આપવામાં આવે છે.

કાર્યક્રમ	શાળા	વાર્ષિક ગ્રાન્ટ (પ્રતિ શાળા)
Science Circles	PM Shri શાળાઓ	₹ 5,000
Math Circles	PM Shri શાળાઓ	₹ 5,000

- વિજ્ઞાન-ગણિત સર્કલમાં ગણિત-વિજ્ઞાનમાં રૂચિ ધરાવતા ધોરણ - 6 થી 12 ના વિદ્યાર્થીઓ, ગણિત-વિજ્ઞાનના શિક્ષક તથા ગ્રામ્ય સ્તરે ગણિત-વિજ્ઞાન વિષયના અભ્યાસુ કે શિક્ષણમાં રસ ધરાવતી વ્યક્તિનો સમાવેશ કરવો.
- સમગ્ર વર્ષ દરમિયાન ગણિત-વિજ્ઞાન વિષયક વિવિધ પ્રવૃત્તિઓનું નિયમિત આયોજન કરવું. કાર્યક્રમનું અમલીકરણ જે તે શાળાના ગણિત-વિજ્ઞાનના શિક્ષકે કરવું.
- શાળા ખાતે ગણિત-વિજ્ઞાન કોર્નર તૈયાર કરવો. જો શાળામાં પ્રયોગશાળા હોય તો તેમાં જ કોર્નર તૈયાર કરવો.

- શાળા કક્ષાએ ગણિત-વિજ્ઞાન કિટ તેમજ લેબના સાધનોનું દર બે માસે પ્રદર્શન યોજવું. જેમાં તમામ વિદ્યાર્થીઓને સાધન-સામગ્રીનો પરિચય કરાવવો, ઓળખ કરાવવી તેમજ પ્રાયોગિક કાર્યો કરાવવા.

શાળામાં ગણિત અને વિજ્ઞાન સર્કલ એ હેન્ડસ-ઓન એક્ટિવીટી કરાવવા અને ઈન્ટરેક્ટિવ લર્નિંગ માટેની એક સારી પદ્ધતિ છે. STEM - સંબંધિત પ્રવૃત્તિઓમાં શાળા સમુદાયને જોડવા માટે ઈવેન્ટ્સ અથવા વર્કશોપનું આયોજન કરવું. આ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓને ગણિત અને વિજ્ઞાનની વિભાવનાઓની તેમની સમજણને અન્વેષિત કરવા અને વધુ ઊંડી કરવાની તકોની વિશાળ શ્રેણી પ્રદાન કરે છે, જ્યારે આલોચનાત્મક વિચારસરણી, સર્જનાત્મકતા, ટીમવર્ક અને શીખવા માટેના પ્રેમને પણ પ્રોત્સાહન આપે છે. સર્કલમાં નીચે આપેલ કેટલીક પ્રવૃત્તિઓ કરી શકાય.

ગણિત વિષયની પ્રવૃત્તિઓ

❖ **ગણિતના કોયડાઓ અને બ્રેઈનટીઝર્સ :** વિદ્યાર્થીઓને વ્યક્તિગત રીતે અથવા ટીમમાં ઉકેલવા માટે વિવિધ ગણિતના કોયડાઓ અને બ્રેઈન ટીઝર્સ આપવા.

❖ **ગણિત સ્પર્ધાઓ અને ક્વિઝ :** ગણિતની ક્વિઝ અને સ્પર્ધાઓનું નિયમિત આયોજન કરવું, જેનાથી વિદ્યાર્થીઓ તેઓની સમસ્યાનું નિરાકરણ કરવાનું કૌશલ્ય દર્શાવી શકે.

❖ **ગણિત ઓલમ્પિયાડ્સની તૈયારી :** ગણિત ઓલમ્પિયાડ્સ અથવા ગણિત વિષયની અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે રસ ધરાવતા વિદ્યાર્થીઓને તૈયાર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું.

❖ **ભૂમિતિ-બાંધકામ પ્રોજેક્ટ્સ :** વિદ્યાર્થીઓ પાસે ભૌમિતિક આકારો બનાવવા અથવા બાંધકામના પડકારોને ઉકેલવા જેવી હેન્ડસ-ઓન પ્રવૃત્તિઓ કરાવવી.

❖ **ગણિત રિલે રેસ :** રિલે-શૈલીની રેસ આયોજિત કરવી જ્યાં વિદ્યાર્થીઓ ટીમના આગામી સભ્યને દંડો આપતા પહેલાં ગણિતની સમસ્યા હલ કરે.

વિજ્ઞાન વિષયની પ્રવૃત્તિઓ

❖ **વિજ્ઞાનના પ્રયોગો અને પ્રદર્શનો :** વૈજ્ઞાનિક સિદ્ધાંતો અને વિભાવનાઓને સમજવા માટે પ્રયોગો કરવા.

❖ **વિજ્ઞાન મેળા :** વિદ્યાર્થીઓને વિજ્ઞાન પ્રોજેક્ટ્સ પર કામ કરવા અને વિજ્ઞાન મેળામાં મોડલ/કૃતિઓ પ્રદર્શિત કરવા પ્રોત્સાહિત કરવા.

- **વ્યાખ્યાનોનું આયોજન :** ક્લબના સભ્યોને પ્રેરણા આપવા અને શિક્ષિત કરવા સંવાદ અથવા નિષ્ણાંતોને આમંત્રિત કરવા.
- **નેચર વોક અને ફીલ્ડ ટ્રીપ્સ :** સ્થાનિક ઉદ્યાનો, પ્રાકૃતિક સંસાધનો અથવા વિજ્ઞાન સંગ્રહાલયોની મુલાકાતનું આયોજન કરવું.
- **રોબોટિક્સ અને એન્જિનિયરિંગ પડકારો :** વિદ્યાર્થીઓને રોબોટ્સ બનાવવા અથવા એન્જિનિયરિંગ પ્રોજેક્ટ ડિઝાઈન, બિલ્ડીંગ અને પ્રોગ્રામ કરવાની તકો પ્રદાન કરવી.

ગણિત અને વિજ્ઞાન વિષયની પ્રવૃત્તિઓ

- **મોડેલિંગ :** વાસ્તવિક-વિશ્વની વૈજ્ઞાનિક સમસ્યાઓ માટે વિદ્યાર્થીઓને વિજ્ઞાન અને ગાણિતિક મોડલ બનાવવા માટે પ્રોત્સાહિત કરવા.
- **પ્રકૃતિ અભ્યાસમાં ગણિત-વિજ્ઞાન :** પ્રકૃતિમાં કુદરતી ઘટનાઓ અને દાખલાઓમાં ગણિત - વિજ્ઞાન સમાયેલ છે તે ખ્યાલોનું વિદ્યાર્થીઓ સમક્ષ વિશ્લેષણ કરવું.
- **ડેટા વિશ્લેષણ અને આંકડાકીય પ્રોજેક્ટ્સ :** વિદ્યાર્થીઓને વૈજ્ઞાનિક પ્રયોગો અથવા વાસ્તવિક દુનિયાની ઘટનાઓથી સંબંધિત ડેટા એકત્ર કરવા અને તેનું વિશ્લેષણ કરવા અંગેના પ્રોજેક્ટ આપવા.
- **રોબોટિક્સ અને એન્જિનિયરિંગ :** વિદ્યાર્થીઓને રોબોટ્સ અથવા એન્જિનિયરિંગ ક્ષેત્રે પ્રોજેક્ટ ડિઝાઈન, બિલ્ડ અને પ્રોગ્રામ વિશેની સમજ આપવા અને વયકક્ષા અનુરૂપ કાર્ય સંલગ્ન આપવા.
- **વિજ્ઞાન સંચાર :** પ્રસ્તુતિઓ, વીડિયો અથવા લેખિત અહેવાલો બનાવીને વિદ્યાર્થીઓને વિજ્ઞાન સંચાર કૌશલ્ય વિકસાવવા માટે પ્રોત્સાહિત કરવા.
- **ગણિત અને વિજ્ઞાન એકીકરણ પ્રોજેક્ટ્સ :** એવા પ્રોજેક્ટ બનાવો કે જેમાં વિદ્યાર્થીઓએ આપેલ સમસ્યાને ઉકેલવા માટે ગણિત અને વિજ્ઞાન બંનેના સિદ્ધાંતો લાગુ કરવા જરૂરી હોય.
- **પર્યાવરણીય ટકાઉપણું પહેલ :** ટ્રેકિંગ કાર્બન પ્રિન્ટ, જૈવ વૈવિધ્ય, ક્લાઈમેટ ચેન્જ, રિન્યુએબલ એનર્જી, ઊર્જા, પર્યાવરણ, રિસાયક્લિંગ, ઊર્જા-કાર્યક્ષમ ઉકેલો, ઘન કચરાનો નિકાલ, ઓર્ગેનિક ફાર્મિંગ જેવા પર્યાવરણ ટકાઉપણા માટેના વિષયો સંબંધિત પ્રોજેક્ટ્સમાં સામેલ કરવા.

❖ **કારકિર્દી સંશોધન પ્રવૃત્તિઓ :** વર્કશોપ, આમંત્રિત વક્તા અથવા સ્થાનિક કંપનીઓની મુલાકાતો દ્વારા વિદ્યાર્થીઓને વિવિધ STEM - સંબંધિત કારકિર્દીના માર્ગો વિશે જાણવાની તકો પ્રદાન કરવી.

❖ **વિજ્ઞાન અને ગણિત સ્પર્ધાઓની તૈયારી :** રસ ધરાવતા વિદ્યાર્થીઓને વિજ્ઞાન અને ગણિતની સ્પર્ધાઓ, ઓલિમ્પિયાડ્સમાં ભાગ લેવા માટે તૈયાર કરવા.

❖ શાળા કક્ષાએ અંધશ્રદ્ધા નાબુદી માટેનાં કાર્યક્રમો કરવા. આ કાર્યક્રમોમાં એસએમસી સભ્યો, વાલીઓ સહભાગી થાય તે મુજબનું આયોજન કરવું.

- સદર ગ્રાન્ટનો ખર્ચ ગણિત - વિજ્ઞાન માટેની શૈક્ષણિક પ્રવૃત્તિ કાર્ય કરવા માટે જ કરવો.
- ટી.એ. - ડી.એ., ભોજન, નાસ્તા માટે તેમજ ગણિત - વિજ્ઞાનની શૈક્ષણિક પ્રવૃત્તિ માટે જરૂરી ન હોય તેવી વસ્તુઓની ખરીદી માટે ગ્રાન્ટમાંથી ખર્ચ થઈ શકશે નહિ.
- સર્કલની પ્રવૃત્તિઓનું સુચારુ અમલીકરણ થાય તે માટે શાળાના આચાર્યશ્રી અને ગણિત-વિજ્ઞાન શિક્ષકે સંયુક્ત રીતે આયોજન કરવું.
- વર્ષ દરમિયાન થયેલ પ્રવૃત્તિઓ અંગેનો વિગતવાર અહેવાલ તૈયાર કરવાનો રહેશે. તમામ પ્રવૃત્તિઓ અને કાર્યક્રમની ફોટોગ્રાફી કરવી.

ઉપર જણાવેલ માર્ગદર્શિકા મુજબ સરકારશ્રીના પ્રવર્તમાન નીતિ નિયમો અનુસાર જ ગ્રાન્ટનો ખર્ચ કરી શકાશે.

વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન

Science Exhibition

માર્ગદર્શિકા

આધુનિક સમયમાં કોઈપણ ક્ષેત્રના વિકાસમાં વૈજ્ઞાનિક અભિગમ ખૂબ જ મહત્વનો ફાળો ધરાવે છે. આથી શાળા અભ્યાસના સમયગાળા દરમ્યાન જ વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અને ગાણિતિક અભિગમ કેળવાય, વિજ્ઞાન-ગણિત વિષયમાં રસ, રૂચી વધે અને વિવિધ સમસ્યા માટે વૈજ્ઞાનિક પદ્ધતિએ વિચારીને નવીન ઉકેલ તરફ વિચારતા થાય તે માટે શાળાઓમાં વિજ્ઞાન-ગણિત વિષયના શિક્ષણને પ્રવૃત્તિમય અને રસપ્રદ બનાવવું જોઈએ. “મેં સાંભળ્યું તો હું ભૂલી ગયો, મેં જોયું તો મને યાદ રહ્યું અને મેં કર્યું તો મને સમજાઈ ગયું”ના સિદ્ધાંત મુજબ શાળાઓમાં વિદ્યાર્થીઓને વધુમાં વધુ પ્રયોગ અને પ્રવૃત્તિઓ જાતે કરવાની તક મળે તે સુનિશ્ચિત કરવા અને વિદ્યાર્થીઓ વિજ્ઞાન-ગણિત વિષયમાં રસ લઈને ભવિષ્યમાં વિજ્ઞાન પ્રવાહમાં જોડાય તેવા હેતુસર શાળાઓમાં વિજ્ઞાન-ગણિત પ્રદર્શનનું આયોજન કરવા માટે PM SHRI શાળાઓ માટે ₹ 10,000/- અને તમામ સરકારી ઉચ્ચ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ માટે ₹ 3,000/- ની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.

વિજ્ઞાન-ગણિત પ્રદર્શન અમલ

- શાળાના તમામ વિદ્યાર્થીઓની સામેલગીરી રહે તે મુજબ આયોજન કરવું.
- શાળા કક્ષાએ વિજ્ઞાન-ગણિત પ્રદર્શન વિવિધ વિભાગો(પ્રાથમિક / ઉચ્ચ પ્રાથમિક / માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક)માં યોજવાનું રહેશે.(ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ દ્વારા વિજ્ઞાન-ગણિત પ્રદર્શન માટે પ્રત્યેક વર્ષે મોકલવામાં આવતી માર્ગદર્શિકાને અનુસરી શકાય)

- શાળાના ગણિત-વિજ્ઞાનના તમામ શિક્ષકો, આચાર્ય અને CRC Co. એ અગાઉથી લેખિતમાં આયોજન તૈયાર કરવાનું રહેશે.
- ગણિત અને વિજ્ઞાનની વિવિધ થીમ આધારિત સ્ટોલ નિર્માણ કરવાના રહેશે.
- બાળકો દ્વારા સ્ટોલમાં નિદર્શન થાય તે જરૂરી છે. ઉપરાંત સ્ટોલની જવાબદારી વિવિધ શિક્ષકશ્રીઓને સોંપવાની રહેશે.
- તમામ વિદ્યાર્થીઓ, વાલીઓ અને SMCના સભ્યોને વિજ્ઞાન-ગણિત પ્રદર્શનના હેતુ, સ્થળ, તારીખ વગેરે વિશે અગાઉથી માહિતગાર કરવાના રહેશે.
- વિદ્યાર્થીઓ, વાલીઓ, ગામના આગેવાનો, તમામ ગ્રામજનો આસપાસની શાળા વગેરેને વિજ્ઞાન-ગણિત પ્રદર્શન નિહાળવા માટે આમંત્રણ આપવાનું રહેશે.
- વૈજ્ઞાનિક કે ગણિતજ્ઞ, વિજ્ઞાન-ગણિતના લેખક, વિજ્ઞાન-ગણિત વિષય સાથે કાર્ય કરતી સંસ્થા / ડાયટના પ્રાચાર્ય કે લેકચરર / કોલેજના ગણિત કે વિજ્ઞાનની શાખાના પ્રોફેસર / ડીન, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તાલુકા શિક્ષણાધિકારીશ્રી, નિરિક્ષકશ્રી, BRC Co., મદદનીશ જિલ્લા પ્રો. કો. ઓર્ડિનેટર - QEM, માધ્યમિક કૉ. ઓર્ડિનેટર વગેરેને પણ આમંત્રિત કરવા.
- પ્રદર્શનમાં ભાગ લેનાર અને ઉપસ્થિત રહેનાર તમામની યાદી શાળા કક્ષાએ નિભાવવાની રહેશે.
- સ્ટોલની મુલાકાત સમયે મુલાકાતીઓ માટે નામ, નંબર અને અભિપ્રાય નોંધવાની વ્યવસ્થા કરવાની રહેશે.
- પ્રદર્શન માટે વિજ્ઞાન અને ગણિતના મોડલ્સ / નમૂના તૈયાર કરવા માટે આ ગ્રાન્ટમાંથી ખર્ચ કરી શકાશે. શાળા કક્ષા બાદ ક્લસ્ટર, તાલુકા, જિલ્લા, ઝોન, રાજ્ય કે રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેવા માટે મોડલને અપગ્રેડ કરવા માટે પણ આ ગ્રાન્ટમાંથી ખર્ચ કરી શકાશે.
- પ્રદર્શન દરમ્યાન વિવિધ સ્પર્ધા અને વિભાગમાં વિજેતા વિદ્યાર્થીઓ માટે ઈનામ, પ્રમાણપત્ર વગેરે જેવો ખર્ચ આ ગ્રાન્ટમાંથી કરી શકાશે.
- કોઈપણ સંજોગોમાં ચા-કોફી-નાસ્તો-ભોજન, પુષ્પ ગુચ્છ, મંડપ, માઈક જેવો ખર્ચ આ ગ્રાન્ટમાંથી કરી શકાશે નહીં. મહેમાનો કે નિર્ણાયકોના સ્વાગત કે સરભરા માટે કોઈપણ પ્રકારનો ખર્ચ આ ગ્રાન્ટમાંથી કરી શકાશે નહીં. (નિર્ણાયકોને કોઈપણ પ્રકારનું ભથ્થું કે TA અને DA મળવા પાત્ર રહેશે નહીં.)

- પ્રદર્શન બાદ લેખિત અહેવાલ (ફોટા સહિત) તૈયાર કરીને આચાર્યશ્રીએ ફાઈલ કરવાની રહેશે.
- નિયમોનુસાર વિજ્ઞાન-ગણિત પ્રદર્શન અંતર્ગત થયેલ ખર્ચનો હિસાબ અને તમામ વાઉચર આચાર્યશ્રી દ્વારા જાળવવાના રહેશે.

વિજ્ઞાન-ગણિત પ્રદર્શનમાં યોજવાની પ્રવૃત્તિઓ

- મોડલ્સ / નમૂનાનું પ્રદર્શન / નિદર્શન
- પ્રયોગ નિદર્શન અને રૂબરૂ પ્રાયોગિક કાર્ય
- ગણિત-વિજ્ઞાન આધારિત રમકડાં નિર્માણ
- ગણિત-વિજ્ઞાન આધારિત ફિલ્મ કે નાટક નિદર્શન
- ગણિતજ્ઞ, વૈજ્ઞાનિકો, અવકાશયાત્રી વગેરેના પરિચય અને ચાર્ટ / પોસ્ટર નિર્માણ
- ગણિત-વિજ્ઞાન આધારિત રંગોળી નિર્માણ, વકતૃત્વ, ચિત્ર નિર્માણ વગેરે જેવી વિવિધ સ્પર્ધાઓ
- વિજ્ઞાન કે ગણિત વિષય સબંધિત પુસ્તક પરિચય / પ્રદર્શન
- વૈજ્ઞાનિક-ગાણિતિક સાધનો અને શોધનો ઈતિહાસ મહાન ગણિતજ્ઞો / વિજ્ઞાનીઓ અવકાશયાત્રીની જીવન યાત્રા અને શોધો અંગે ક્વિઝ
- આધુનિક સમસ્યા અને તેના સંભવિત ઉકેલ અંગેના પ્રોજેક્ટ / સંશોધન
- આયુર્વેદિક અને ઘરગથ્થુ ઉપચારની ઔષધિય વનસ્પતિઓનું પ્રદર્શન
- અંધશ્રદ્ધા નિવારણ અને જાગૃતિ માટે જાદુના પ્રયોગોનું નિદર્શન

SPORTS DAY CELEBRATION

માર્ગદર્શિકા

સમગ્ર શિક્ષા દ્વારા તમામ PM SHRI શાળાઓમાં 'Sports day celebration' કાર્યક્રમ અંતર્ગત ₹ 5,000 / - ની ગ્રાન્ટ આપવામાં આવેલ છે. વર્ષ દરમિયાન આ કાર્યક્રમ અંતર્ગત નીચે જણાવેલ મહત્ત્વની પ્રવૃત્તિઓ હાથ ધરવાની રહેશે.

- શાળાએ વર્ષ દરમિયાન FIT INDIA કાર્યક્રમ અંતર્ગત નીચેની પ્રવૃત્તિઓ કરવાની રહેશે.
  - (a) FIT INDIA સ્કૂલ વીક (નવેમ્બર / ડિસેમ્બર) ની ઉજવણી
  - (b) FIT INDIA ફ્રીડમ રન (15 ઓગસ્ટ & 2 ઓક્ટોબર) નું આયોજન
  - (c) FIT INDIA સ્વચ્છતા કાર્યક્રમ (2 ઓક્ટોબર)
  - (d) FIT INDIA સાયક્લોથોન (સાયકલ રેલી) નું આયોજન
  - (e) FIT INDIA ક્વિઝનું આયોજન
- શાળાએ "ખેલો ઈન્ડિયા" અને "ખેલ મહાકુંભ"માં યોજાતી સ્પર્ધાઓમાં શાળાના વિદ્યાર્થીઓને ભાગ લેવા પ્રોત્સાહિત કરવા.
- શાળા કક્ષાએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનું આયોજન કરવું.
- યોગના ભાગરૂપે નિયમિત યૌગિક ક્રિયાઓ, આસન / પ્રાણાયામ જેવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું.

- શાળાના વિદ્યાર્થીઓને ભારતીય ખેલ અને દેશી / સ્થાનિક રમતો પ્રત્યે પ્રોત્સાહિત કરવા અને તેનું વિશેષ આયોજન કરવું.
- શાળામાં વાર્ષિક રમતોત્સવનું આયોજન કરવું અને અલગ અલગ સ્પર્ધાઓમાં વિજેતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામ આપવાં.
- શાળા કક્ષાએ "સ્પોર્ટ્સ ક્લબ"ની રચના ફરજિયાત કરવી.
- શાળાએ "ફિટનેસ કા ડોઝ આધા ઘંટા રોજ" કાર્યક્રમ અંતર્ગત શાળાના સમયપત્રકમાં દરરોજ 30 મિનિટ શારીરિક શિક્ષણના તાસનો અભ્યાસક્રમના નિયમિત ભાગરૂપે સમાવેશ કરવો.
- વિદ્યાર્થીઓની ફિઝિકલ ફિટનેસ માટેના કાર્યક્રમો યોજવા, જેમાં વિદ્યાર્થીઓની ઊંચાઈ, વજન, જેવી પ્રાથમિક બાબતોની ચકાસણી કરાવવી અને તે અંગેના ઉપકરણોનો વિદ્યાર્થીઓ ઉપયોગ કરી શકે તે મુજબ મુકવા / લગાવવા.
- વિદ્યાર્થીઓને સ્પોર્ટ્સ કોમ્પ્લેકસની રૂબરૂ મુલાકાત કરાવવી. શાળાના વિદ્યાર્થીઓ સાથે રમતનું પ્રાથમિક સ્તર માટે આયોજન કરવું.
- રાજ્ય કે રાષ્ટ્રીય કક્ષાએ વિજેતા ખેલાડીઓનો પરિચય મળી રહે તેવા કાર્યક્રમોનું આયોજન કરવું અને તેઓ દ્વારા વિદ્યાર્થીઓમાં રમત-ગમત વિશે રૂચિ વધે અને સ્વાસ્થ્ય વિશે કાળજી લેતા થાય તેવી બાબતો જણાવવી.
- "Sports Day Celebration" કાર્યક્રમ અંતર્ગત શાળાઓ દ્વારા કરવામાં આવેલ પ્રવૃત્તિઓના ફોટોગ્રાફ્સ સહીતનો વિગતવાર અહેવાલ નિભાવવો.

ગ્રાન્ટનો ઉપયોગ ઉપર જણાવેલ હેતુઓ માટે જ કરવાનો રહેશે. આ ગ્રાન્ટ રમતગમતના સાધનોની ખરીદી માટે નથી, તે માટે અલગથી વ્યવસ્થા ઉપલબ્ધ છે.

Twinning of schools (Elementary)

માર્ગદર્શિકા

શાળાઓ એકબીજા પાસેથી શ્રેષ્ઠ પદ્ધતિ, પ્રયુક્તિ અને પ્રવિધિઓ શીખી શકે તેવા ઉમદા હેતુથી ‘શાળાઓ વચ્ચે ભાગીદારી’ (Twinning of schools) કાર્યક્રમ અમલીકૃત કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ સરકારી શાળાઓ અને અન્ય વિશિષ્ટ રીતે કાર્યરત અથવા ખાનગી શાળાઓ પરસ્પર એકબીજાની શાળાઓની મુલાકાત લઈ, વિદ્યાર્થીઓ અને શિક્ષકો શાળાના અનુભવો, વિચારો અને શ્રેષ્ઠ પ્રયાસોથી અવગત થાય અને તે બાબતોનું પોતાની શાળામાં પણ અમલીકરણ કરે તેવો ઉમદા આશય ધરાવે છે. આ કાર્યક્રમ અંતર્ગત એક શાળા (મુલાકાતી શાળા) બીજી શાળા (યજમાન શાળા) સાથે જોડી બનાવે છે.

આ કાર્યક્રમ માટે ધોરણ : 6 થી 8 ધરાવતી તમામ શાળાઓને શાળા દીઠ ₹ 1,000/- અને PM SHRI શાળાઓને શાળાદીઠ ₹ 2,000/- ની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

શાળા મુલાકાતના હેતુઓ

- એકબીજા સાથે જોડાનાર શાળાઓ શૈક્ષણિક અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનું આદાન-પ્રદાન કરશે.
- શિક્ષકો અને વિદ્યાર્થીઓના ઉત્કૃષ્ટ વિચારોના આદાન-પ્રદાન દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ થશે.

- પોતાના નવાચાર તેમજ અન્ય શાળાના નવાચારને જાણી યોગ્ય સંકલન દ્વારા વિદ્યાર્થીઓની પ્રગતિ સાધશે.
- બન્ને શાળાઓ એકબીજાની શ્રેષ્ઠ બાબતો સ્વીકારી ક્ષમતાવર્ધન કરશે.
- એકબીજાની સારી બાબતો અને ક્ષતિઓ વિશે જાણી શકશે અને સાથે મળીને શીખી શકશે.
- એકબીજા સાથે જોડાયેલી શાળાના વિદ્યાર્થીઓ વ્યક્તિગત અને જૂથમાં રહીને વધુ સક્ષમ બનશે.
- શિક્ષકોને વધુ સારી અને વધુ અસરકારક અધ્યાપન પદ્ધતિઓ અપનાવવા માટેની તક મળશે.

થીમ ઓફ ટવીનીંગ

- શ્રેષ્ઠ પ્રવૃત્તિઓનું આદાન-પ્રદાન
- નાવીન્યપૂર્ણ પ્રવૃત્તિઓનું આદાન-પ્રદાન
- રમત-ગમતની પ્રવૃત્તિઓનું બંને શાળા વચ્ચે સ્પર્ધાત્મક આયોજન
- શાળાકીય આયોજન અને શાળા વ્યવસ્થાપનની પ્રવૃત્તિઓ જેવી કે, પુસ્તકાલય, ગણિત અને વિજ્ઞાનને લગતી પ્રવૃત્તિઓનું આદાન-પ્રદાન
- સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ચર્ચા-સંવાદ, ક્વિઝનું આયોજન
- વર્ગખંડના શિક્ષણમાં ટેકનોલોજીનો ઉપયોગ અને જાણકારી
- સ્થાનિક કલા આધારિત બાબતો
- અન્ય સર્જનાત્મક બાબતો

શાળા પસંદગી માટેની પદ્ધતિઓ

- આ કાર્યક્રમ તમામ સરકારી ઉચ્ચ પ્રાથમિક (ધોરણ 6 થી 8) ની શાળાઓમાં કરવાનો રહેશે.
- શાળા પસંદગી પ્રક્રિયામાં સંબંધિત ક્લસ્ટરના CRC કો.ઓ.ની ઉપસ્થિતમાં ચર્ચા કરી જે તે ક્લસ્ટર / બ્લોકમાં બે-બે શાળાઓની જોડી બનાવી યાદી ફાઈનલ કરવાની જવાબદારી કમિટીની રહેશે.
- સરકારી શાળાનું સરકારી, ગ્રાન્ટેડ, કેન્દ્રીય વિદ્યાલય, નવોદય વિદ્યાલય અને અન્ય બોર્ડ દ્વારા સંચાલિત શાળાઓ સાથે પણ જોડાણ થઈ શકશે.

- શાળા પસંદગી માટે તાલુકા કક્ષાએ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની અધ્યક્ષતામાં બેઠક યોજી શાળાઓ નક્કી કરવાની રહેશે. નીચે મુજબ એક કમિટી બનાવવાની રહેશે.

ક્રમ	અધિકારી / કર્મચારી	હોદ્દો
1.	તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી	અધ્યક્ષ
2.	BRC કો ઓર્ડીનેટર	ઉપાધ્યક્ષ
3.	CRC કો ઓર્ડીનેટર	સભ્ય
4.	પગાર કેન્દ્ર શાળાના એક ઉત્સાહી આચાર્ય	સભ્ય

- જિલ્લાની તમામ PMSHRI શાળાઓનો પણ સમાવેશ કરવાનો રહેશે.
- શાળાની પસંદગી કરતી વખતે શાળાની પ્રવૃત્તિઓની વિશેષતાઓને ધ્યાનમાં રાખવાની રહેશે. શાળામાં જ્ઞાનકુંજ, બાલા, ગ્રીન સ્કૂલ, LBD / NCERT કિટનો ઉપયોગ, ગણિત-વિજ્ઞાન મંડળ, સ્પોર્ટ્સ, રાષ્ટ્રીય આવિષ્કાર અભિયાન, TLMનો ઉપયોગ, કિચન ગાર્ડન વગેરે જેવી શૈક્ષણિક પ્રવૃત્તિઓ સાથે સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ સારી અને અસરકારક રીતે ચાલતી હોય તેવી શાળાઓને પ્રાધાન્ય આપવાનું રહેશે.
- શાળાઓની તેઓના જ ક્લસ્ટર / બ્લોકની અન્ય પસંદ થયેલી શાળાઓ પૈકી બે-બે શાળાઓની પ્રવૃત્તિની વિવિધતા પ્રમાણે જોડી બનાવવાની રહેશે.
- PM SHRI શાળાઓને ₹ 2,000/-ની અને તે સિવાયની અન્ય સરકારી શાળાઓને ₹1,000/-ની ગ્રાન્ટ મળવાપાત્ર થશે. ખાનગી શાળા આ કાર્યક્રમમાં જોડાઈ શકશે પરંતુ તેને ગ્રાન્ટ મળવાપાત્ર રહેશે નહિ એટલે કે તેમણે આ કાર્યક્રમમાં સ્વખર્ચે જોડાવાનું રહેશે.

ટ્વીનીંગ કાર્યક્રમ માટેની સૂચના

- જે બે શાળાઓની જોડી બનશે તે બંને શાળાના ધોરણ 6 થી 8ના વિદ્યાર્થીઓ, મુખ્ય શિક્ષક તથા ધોરણ 6 થી 8ના શિક્ષકો એકબીજાની શાળાની બે તબક્કામાં મુલાકાત કરશે.
- દા.ત. 'એ' શાળાની 'બી' શાળા સાથે, અને 'સી' શાળાની 'ડી' શાળા સાથે જોડી બનાવવામાં આવે તો, 'એ' શાળા 'બી' શાળાની મુલાકાત કરશે, અને 'બી' શાળા 'એ' શાળાની મુલાકાત કરશે. આ મુજબ જ 'સી' અને 'ડી' શાળા એકબીજાની મુલાકાત કરશે.

- મુલાકાત લેનાર શાળાએ યજમાન શાળામાં પ્રાર્થનાસભાથી શરૂ કરી પૂર્ણ સમય માટે આ સાથે જણાવેલ દૈનિક આયોજન મુજબ પ્રવૃત્તિઓ / કાર્યક્રમોમાં જોડાવાનું રહેશે.
- યજમાન શાળાએ પોતાની શાળામાં ચાલતી શ્રેષ્ઠ પ્રવૃત્તિઓ મુલાકાત લેનાર શાળાના વિદ્યાર્થીઓ જોઈ / સમજી શકે તેમજ ચર્ચા / પ્રશ્નોત્તરી દ્વારા દ્રઢ કરી શકે તેવું આયોજન કરવાનું રહેશે.
- કાર્યક્રમના દિવસે બંને શાળાના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે તે માટે શાળા સ્વચ્છતા, જળસંચય, ચર્ચા-સંવાદ, વેશભૂષા, વિવિધ સ્પર્ધાઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરેનું આયોજન કરવાનું રહેશે.
- મુલાકાત લેનાર શાળાના વિદ્યાર્થીઓએ કાર્યક્રમ દરમિયાન પોતાની નોટબુકમાં સમગ્ર કાર્યક્રમનું વિવરણ લખવાનું રહેશે.
- મુલાકાત લેનાર શાળાના મુખ્ય શિક્ષક, શિક્ષકો અને વિદ્યાર્થીઓએ યજમાન શાળાએ યોજેલ શાળાની વિવિધ પ્રવૃત્તિમાં / કાર્યક્રમમાં જોડાવાનું રહેશે અને કોઈ પ્રવૃત્તિ શીખવા ઈચ્છા ધરાવતા હોય તો યજમાન શાળાનાં શિક્ષક બંને શાળાના મુખ્ય શિક્ષકોની સહમતી મેળવીને એક દિવસ પૂરતા બીજી શાળામાં જઈને વધુ માર્ગદર્શન અને સહયોગ આપી શકશે.
- મુલાકાત લેનાર શાળાના મુખ્ય શિક્ષકશ્રી, શિક્ષકો અને વિદ્યાર્થીઓએ યજમાન શાળાની વિશેષતાઓ જ્ઞાનકુંજ, બાલા, ગ્રીનસ્કૂલ, LBD / NCERT કિટનો ઉપયોગ, ગણિત-વિજ્ઞાન મંડળ, સ્પોર્ટ્સ, રાષ્ટ્રીય આવિષ્કાર અભિયાન, TLMનો ઉપયોગ, કિચન ગાર્ડન શાળા દ્વારા હાથ ધરવામાં આવેલ ઈનોવેટીવ પ્રકલ્પો વગેરે બાબતે પોતાના અભિપ્રાય / સૂચન લખી યજમાન શાળાના મુખ્ય શિક્ષકશ્રીને આપવાના રહેશે.
- કાર્યક્રમ દરમિયાન યોજાયેલ પ્રવૃત્તિઓમાં સીઆરસી કો.ઓ. રૂબરૂ ઉપસ્થિત ન થઈ શકે તો પણ વર્ચ્યુઅલ માધ્યમથી જોડાઈને મોનીટરીંગ કરવાનું રહેશે અને જરૂરી માર્ગદર્શન / પ્રોત્સાહન આપવાનું રહેશે.

  શાળા સ્થાનિક રીતે વિશિષ્ટ પ્રતિભા ધરાવતા તજજ્ઞશ્રીઓને સ્માર્ટ ક્લાસની સુવિધા વડે ઓનલાઈન જોડી શકે છે.

ગ્રાન્ટ ફાળવણી અને ખર્ચની વિગત

- કાર્યક્રમ માટે PM SHRI શાળાઓને શાળા દીઠ ₹ 2,000/- અને તે સિવાયની અન્ય સરકારી શાળાઓને શાળા દીઠ ₹1,000/- (એક હજાર પૂરા) ગ્રાન્ટ ફાળવવામાં આવશે.
- કાર્યક્રમનાં દિવસે વિવિધ પ્રવૃત્તિઓ / કાર્યક્રમ માટે સદર ગ્રાન્ટમાંથી ખર્ચ કરવાનો રહેશે.
- શાળા મુલાકાત દરમિયાન ટ્રાન્સપોર્ટ ખર્ચ તેમજ ઉક્ત પ્રવૃત્તિઓમાં ભાગ લેનાર અને વિજેતા થનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામ આપવા માટે ફાળવવામાં આવેલ ગ્રાન્ટમાંથી ખર્ચ કરી શકાશે.

- ખાનગી શાળાએ સ્વખર્ચે જોડાવાનું રહેશે. ખાનગી શાળાને ખર્ચ માટે ગ્રાન્ટ મળવાપાત્ર રહેશે નહીં.
- તમામ શાળાઓએ કાર્યક્રમના ફોટોગ્રાફસ સહિતનો વિગતવાર અહેવાલ તૈયાર કરવાનો રહેશે.

શાળા મુલાકાત આયોજન

(ફક્ત ઉદાહરણ આનાથી વિશેષ પણ કરી શકાય)

ક્રમ	કાર્યક્રમ	સમય
1.	સમૂહ પ્રાર્થના, પ્રારંભિક પરિચય, સૂચનાઓ, શાળા મુલાકાતનો હેતુ અને કાર્યક્રમની વિગત	30 મિનિટ
2.	વર્ગખંડની અધ્યયન અધ્યાપન પ્રક્રિયામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકની સામેલગીરી	45 મિનિટ
3.	શાળા પરિચય, નર્સરી, પ્રયોગશાળા, પુસ્તકાલય, શાળા સ્વચ્છતા, મેદાન, કિચનશેડ ઔષધ બાગ, પીવાના પાણીની સુવિધા, બુલેટીન બોર્ડ, સુવિચારો, નોટિસબોર્ડ અવલોકન	45 મિનિટ
4.	શાળાની શ્રેષ્ઠ અને સર્જનાત્મક પ્રવૃત્તિઓનું નિદર્શન (અંદાજિત મોટી રિસેસ પહેલા)	60 મિનિટ
5.	જ્ઞાનકુંજ, બાલા, ગ્રીનસ્કૂલ, LBD / NCERT કિટનો ઉપયોગ, ગણિત-વિજ્ઞાન મંડળ પરિચય	30 મિનિટ
6.	સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન	45 મિનિટ
7.	ચર્ચા-સંવાદ, વક્તૃત્વ, ચર્ચા સત્ર, અભિપ્રાયનું આયોજન	45 મિનિટ

Safety and Security at School

માર્ગદર્શિકા

શાળા સલામતી અને સુરક્ષા માટે 'safety and Security at School Level' કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવેલ છે. 'Fund for Safety and Security at School Level' અંતર્ગત PM SHRI શાળાઓ માટે શાળા દીઠ ₹ 10,000/- અને સરકારી પ્રાથમિક અને માધ્યમિક - ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે શાળા દીઠ ₹2,000/- ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. આ ગ્રાન્ટમાંથી નીચે મુજબનો ખર્ચ કરી શકાશે :

- GSDMA દ્વારા તૈયાર કરવામાં આવેલ નવીન શાળા આપત્તિ જોખમ વ્યવસ્થાપન આયોજન (SDRMP) મુજબના આયોજન કરવા.
- તમામ શાળાઓએ આ સાથે સામેલ "શાળા સલામતી પ્રતિજ્ઞા" શાળામાં મુખ્ય સ્થાને બેનર / હોર્ડિંગ સ્વરૂપે દર્શાવવી.
- શાળામાં વિદ્યાર્થીઓ માટે પ્રાથમિક સારવાર સામગ્રી (ફર્સ્ટ-એઈડ કિટ પ્રાથમિક સારવાર પેટી) અદ્યતન અને સરળતાથી ઉપલબ્ધ થઈ શકે તે રીતે મૂકવી.
- ઈલેક્ટ્રિક વાયર અને કેબલ યોગ્ય અર્થિંગ સાથે ઈન્સ્યુલેટેડ છે અને વિદ્યાર્થીઓની પહોંચથી દૂર તેમજ સુરક્ષિત રીતે છે તેની ખાસ તકેદારી રાખવી.
- અગ્નિશામક સાધનો શાળામાં યોગ્ય રીતે મૂકવા અને સ્ટાફ, શાળા, SMC અને વિદ્યાર્થીઓને અગ્નિશામક સાધનોના ઉપયોગ માટે સઘન તાલીમ આપવી.
- વિદ્યાર્થીઓ તેમની ફરિયાદો / સૂચનો આપી શકે / પ્રશ્નો પૂછી શકે અથવા અવલોકનો જણાવી શકે તે માટે અચૂક ફરિયાદ પેટી મૂકવી અને પ્રશ્નોના નિરાકરણ માટે યોગ્ય વ્યવસ્થા કરવી.

- **અગત્યના ટેલિફોન નંબરો**

FIRE	101
AMBULANCE	102
National Emergency Response Number	112
Abhyam	181
State / UT Disaster Helpline Number	
CHILD HELPLINE	1098
State Counselling Helpline	
Hospital, Fire	
Taluka Primary Officer	
District Primary Officer	
District Collector	
Name of Head of School Board	

વગેરે શાળાના મુખ્ય સ્થાન પર દર્શાવવા.

- વિદ્યાર્થીઓને પૂરતું અને સ્વચ્છ પીવાનું પાણી પૂરું પાડવા જરૂરી વ્યવસ્થા કરવી.
- વર્ષની શરૂઆતમાં એક મહિનાની અંદર શાળા સુરક્ષા સમિતિની રચના કરી શાળા / મેનેજમેન્ટ / એસએમસીએ શાળા સુરક્ષા યોજનાના વિકાસ માટે બેઠક યોજવી.
- શિક્ષકો અને શાળા સુરક્ષા સમિતિના સભ્યો સાથે શાળાની સલામતી અને સુરક્ષાને લગતા મુદ્દાઓની ચર્ચા કરવા અને યોગ્ય પગલાં નક્કી કરવા માટે નિયમિત બેઠકનું આયોજન અને અમલીકરણ કરવું.
- કુદરતી અથવા માનવસર્જિત ડિઝાસ્ટર મેનેજમેન્ટ માટે NDMA / NDRF / ફાયર સ્ટેશનો / સ્થાનિક તંત્રના નિષ્ણાતોના સહયોગથી આપત્તિ સંબંધિત મોકડ્રીલનું સમયાંતરે આયોજન કરવું.
- નિયમિત સ્વચ્છતા જાળવવા (વ્યક્તિગત અને શાળાની સ્વચ્છતા બંને) અને સેનિટાઈઝેશન દિનચર્યાઓ માટે નિયમો તૈયાર કરવા.
- શૌચાલય અને પીવાના પાણીની વ્યવસ્થા તથા સમગ્ર શાળા પરિસર એટલે કે વર્ગખંડો કેન્ટીન / સ્ટાફ રૂમ / પ્રયોગશાળા / ગ્રંથાલયો વગેરે જગ્યાએ સ્વચ્છતાની જાળવણીની દૈનિક દેખરેખ રાખવી. શાળામાં મુખ્ય સ્થાનો પર શાળા સલામતી અને આપત્તિ સ્થળાંતર યોજનાનું નિદર્શન / પ્રદર્શન સુનિશ્ચિત કરવું.
- લિંગ, જાતિ, વર્ગ, વંશીયતા, ભાષા વગેરેના સંદર્ભમાં વર્ગખંડોમાં યોગ્ય સંવાદ / ચર્ચા સત્ર દ્વારા વિદ્યાર્થીઓને માહિતીગાર કરવા.

- વિદ્યાર્થીઓ / શિક્ષકો / નોન-ટીચિંગ સ્ટાફને સામાન્ય તબીબી કટોકટીનો સામનો કરવા માટેની તાલીમ આપવી અને જાગૃતિ લાવવાના પ્રયાસ કરવા.
- શાળા / શાળાના મેનેજમેન્ટે આચાર્ય, શિક્ષકો, સ્ટાફ, વિદ્યાર્થીઓ અને કાઉન્સિલના સભ્યો માટે આગ, ધરતીકંપ, પ્રાથમિક સારવાર, સાયબર સુરક્ષા વગેરે બાબતો પર ઓરિએન્ટેશન તાલીમનું આયોજન કરવું.
- શાળાના કર્મચારીગણ અને સહયોગીને બાળ સુરક્ષા નીતિ અને બાળ સંબંધિત કાયદાઓ જેમ કે POCSO એક્ટ JJ (જુવિનાઈલ જસ્ટિસ) એક્ટ, સાયબર સિક્યોરીટી કાયદો, નશા વિરોધી કાયદો વગેરે અંગે જાણકારી આપી જાગૃતતા લાવવી.
- શાળા દ્વારા વર્ષ દરમિયાન કરવામાં આવેલ કામગીરીનો વિગતવાર અહેવાલ તૈયાર કરવો.

શાળા સલામતી પ્રતિજ્ઞા

અમે (શાળાનું નામ) ના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ અમારી શાળા બધા માટે સલામત, સુરક્ષિત અને સુખમય સ્થાન બને તે માટે પ્રતિજ્ઞા લઈએ છીએ. અમે શાળાના આચાર્યશ્રીને સહકાર આપવાની પ્રતિજ્ઞા લઈએ છીએ કે,

- દિવસના અંતે શાળા છોડતી વખતે કોઈપણ બાળક શાળા પરિસરમાં રહી ના જાય તેની ખાતરી કરીશું.
- શાળાની વિવિધ પ્રવૃત્તિઓ માટે વિષય શિક્ષક કે અન્ય કર્મચારીને રોકાવાનું થાય તો અમે સ્વ-સંમતિથી અને આચાર્ય / શિક્ષકની મંજૂરીથી રોકાઈશું.
- અઠવાડિયામાં ઓછામાં ઓછા એકવાર નિયમિતપણે બધા વિદ્યાર્થીઓ અને શિક્ષકોને મળીશું અને વાર્તાલાપ કરીશું.
- અમે ખાતરી કરીશું કે, શિક્ષકો ખાસ કરીને પ્રાથમિક વર્ગના વિદ્યાર્થીઓની જરૂરિયાત અને મુશ્કેલી પ્રત્યે સંવેદનશીલ રહે.
- અમે શાળાનું વાતાવરણ તંદુરસ્ત અને સ્વચ્છ રાખીશું તેમજ વિદ્યાર્થીઓને માનસિક અને શારીરિક હેરાનગતિ ન થાય તેવું વાતાવરણ આપીશું.
- કુદરતી તેમજ વિકટ પરિસ્થિતિઓના સંજોગોમાં કેવી રીતે વર્તવું તેની તાલીમ આપીશું.
- શાળામાં સૂચનાપેટી / POCSO બોક્સ જાળવીશું અને તેમાં આવેલ સૂચનોને નિયમિતપણે ધ્યાને લઈ યોગ્ય પગલાં લઈશું.

મહત્ત્વપૂર્ણ સંપર્ક નંબર

1.	નેશનલ ઈમરજન્સી રિસ્પોન્સ	112
2.	વિદ્યાર્થીઓ માટે ચાઈલ્ડ હેલ્પલાઈન	1098
3.	જિલ્લા સિવિલ / રેફરલ હોસ્પિટલ	
4.	તાલુકા ફાયર સ્ટેશન	101
5.	તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી	
6.	જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર હેલ્પલાઈન	
7.	કન્યાઓ માટે અભયમ્ હેલ્પલાઈન	181
8.	સમગ્ર શિક્ષા : જિલ્લા ટોલ ફ્રી નંબર	
9.	આચાર્યશ્રીનું નામ અને સંપર્ક નંબર	

યુથ અને ઈકો ક્લબ

માર્ગદર્શિકા

શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ છે. શહેરીકરણ, તક્નીકી પ્રગતિ અને સમૂહ માધ્યમોની અસરો જેવા સામાજિકના પરિવર્તનો એ જરૂરિયાત તરફ દોરી ગયા છે કે શાળાઓ માત્ર તેના વિદ્યાર્થીઓના જ્ઞાનાત્મક વિકાસને પોષવા માટે જ નહીં, ભાવાત્મક ઉત્તેજન આપવા માટે પણ હોવી જોઈએ જેથી વિદ્યાર્થીઓ જીવનના તમામ ક્ષેત્રે સજ્જ બને. આ ઉમદા ઉદ્દેશને ધ્યાનમાં રાખી શાળાઓમાં "યુથ અને ઈકો ક્લબ" નો કાર્યક્રમ અમલીકૃત કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ માટે PM SHRI શાળાઓને નીચે મુજબની ગ્રાન્ટ આપવામાં આવે છે.

શાળા	વાર્ષિક ગ્રાન્ટ (પ્રતિશાળા)
PM SHRI શાળાઓ	₹ 10,000

હેતુ

- વિદ્યાર્થીઓમાં પ્રાકૃતિક સંસાધનોના ન્યાયિક ઉપયોગ, સ્થિરતા તથા સંરક્ષણ માટ જાગૃતિ કેળવવી અને પર્યાવરણ પ્રત્યે પ્રેમ વધારવો.
- વિદ્યાર્થીઓમાં પર્યાવરણલક્ષી વ્યવહારને પ્રોત્સાહિત કરવા તથા તેઓ પર્યાવરણને લગતી અર્થપૂર્ણ પ્રવૃત્તિઓ અને પ્રોજેક્ટમાં ભાગ લે અને તેવી પ્રવૃત્તિઓ કરે તે માટે સક્ષમ બનાવવા.

- વિદ્યાર્થીઓ ભવિષ્યના પડકારો સામે લડી શકે તથા નકારાત્મક લાગણીઓ જેવી કે તણાવ, શરમ અને ડરનો સામનો કરી શકે તે માટે તેમનામાં જીવન કૌશલ્ય, આત્મસન્માન, આત્મગૌરવ અને આત્મવિશ્વાસ તથા અનુકૂલન જેવા ગુણો વિકસાવવા.
- વિદ્યાર્થીઓને સહભાગી અને પ્રક્રિયાલક્ષી પ્રવૃત્તિઓ દ્વારા વિવેચનાત્મક રીતે વિચારવાની અને સમસ્યાઓનો તાર્કિક રીતે હલ કરવાની તકો આપીને તેમની શારીરિક, માનસિક, ભાવનાત્મક અને સામાજિક કુશળતાને મજબૂત બનાવવી.

માર્ગદશક સૂચનાઓ

- મુખ્ય શિક્ષક / આચાર્યશ્રીએ પોતાની શાળામાં વિદ્યાર્થીઓ માટે Youth and Eco Club (YEC) ની રચના કરવી અને તેના પ્રભારી (ઈન્ચાર્જ) તરીકે એક શિક્ષકને નિયુક્ત કરવા.
- રાજ્યની તમામ શાળાઓમાં શાળાનાં દરેક વર્ગના તમામ વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને ચાર જૂથમાં વર્ગીકૃત કરવા.
- રોટેશન મુજબ શાળાના એક શિક્ષકને નોડલ વ્યક્તિ તરીકે નિમવા કે જે YEC ની પ્રવૃત્તિઓ કરવા માટે માર્ગદશન પૂરું પાડશે.
- YEC ની પ્રવૃત્તિઓમાં જમીન, પાણી, ઊર્જા અને સ્વચ્છતાને પ્રાધાન્ય આપવું.
- શાળાઓમાં "જળશક્તિ અભિયાન', "સ્વચ્છ ભારત અભિયાન' તથા 'FIT INDIA મૂવમેન્ટ' વિશે જાગૃત્તિ લાવવા માટેની શૈક્ષણિક અને સહ-શૈક્ષણિક પ્રવૃત્તિઓ યોજવી.
- દરેક જૂથને શાળા પરિસરનો ચોક્કસ ભૌતિક વિસ્તાર / ખૂણો સોપવામાં આવે, કે જેમાં જૂથની વ્યક્તિઓ વાવેતર (વૃક્ષારોપણ), સ્વચ્છતા, સુશોભન અને સંરક્ષણની નવીન પ્રવૃત્તિઓ કરી શકે.
- શાળાએ સહભ્યાસિક પ્રવૃત્તિઓના તાસમાં વધારાના કલાકોમાં અથવા વેકેશન દરમિયાન વાર્તાલાપ-ચર્ચાઓ, ગીત-સંગીત, કલા, રમતો, વાચન તથા શારીરિક વ્યાયામને લગતી પ્રવૃત્તિઓનું આયોજન કરવું. આવી પ્રવૃત્તિઓથી શાળાની અમુક ભૌતિક સવલતો જેવી કે રમતનું મેદાન, રમતના સાધનો, પુસ્તકાલય, શાળાનો બગીચો તેમજ સંગીતના સાધનોની ઉપયોગિતામાં વધારો થશે. જેનાથી વિદ્યાર્થીઓમાં પર્યાવરણલક્ષી સુટેવો, આવડત અને રસ વિકસાવી શકાશે.

- YEC અંતર્ગત શાળાએ વિદ્યાર્થીઓમાં પુસ્તકાલયના ઉપયોગ તથા વાચનની ટેવ વિકસાવવા માટે વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ જેવી કે પુસ્તક વાચન, વાર્તાકથન અને નૈતિક મૂલ્યોના આદાન-પ્રદાનનું આયોજન કરવું.
- શાળાનો દરેક બાળક YECની ઓછામાં ઓછી 3 (ત્રણ) પ્રવૃત્તિમાં ભાગ લે તે શાળાએ સુનિશ્ચિત કરવું.
- શાળા દ્વારા પર્યાવરણ શિક્ષણ માટે જાગૃત્તિ અને સંવેદના ઊભી થાય તેવી તકો પૂરી પાડવા આપવા માટે નજીકના સ્થળો / સાઈટ્સની ક્ષેત્રીય મુલાકાત (ફિલ્ડ વિઝીટ) પણ આયોજિત કરવી.
- YECમાં અલગ-અલગ ધોરણના વિદ્યાર્થીઓની પસંદગી કરવી.
- YECમાં મહત્તમ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવો.
- YECની સંખ્યા ઉપલબ્ધ સ્ટાફ અને વિદ્યાર્થીઓની શક્તિ મુજબ હોવી જોઈએ.
- YECના સૌથી વરિષ્ઠ શિક્ષક સભ્ય કલબની જવાબદારી સંભાળશે.
- ઉપરોક્ત આયોજન મુજબ તમામ શિક્ષકોને ક્લબમાં વહેંચવા.
- આચાર્યએ સુનિશ્ચિત કરવું કે ક્લબની દરેક પ્રવૃત્તિનું શિડયુલ મુજબ આયોજન અને અમલીકરણ થાય.
- ક્લબના ઈન્ચાર્જ શિક્ષકો દ્વારા સાપ્તાહિક પ્રવૃત્તિઓનો રેકોર્ડ જાળવવો. ક્લબના અમલીકરણ ડિસ્પ્લે બોર્ડમાં યોગ્ય વિગતો યોગ્ય સ્થાને મૂકવી અને દર પખવાડિયામાં ઓછામાં ઓછા એક વખત અપડેટ કરવી.
- શાળાના વાર્ષિક નિરીક્ષણ દરમિયાન કલબ દ્વારા કરવામાં આવેલ અનુકરણીય કાર્યોનું પ્રદર્શન કરવું.
- શાળા કક્ષાએ ગૃપ પર્ફોમન્સનું મૂલ્યાંકન
  - સમયાંતરે જૂથવાર સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે, જેના માટે પોઈન્ટ્સ આપવા.
  - શાળામાં નોટિસ બોર્ડ પર જૂથવાર પર્ફોમન્સ પોઈન્ટ્સના ચાર્ટ મૂકવા.
  - વર્ષના અંતે સોથી વધુ સ્કોર કરવાવાળા ગૃપને "શ્રેષ્ઠ ગૃપ" જાહેર કરી સન્માનિત કરવા.
  - શ્રેષ્ઠ પ્રદર્શન કરવાવાળા જૂથમાંથી વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને સમયાંતરે ઈનામથી પ્રોત્સાહિત કરવા.

માસ	થીમ	ધો. 1 થી 5	ધો. 6 થી 8	ધો. 9 થી 12
ઓગસ્ટ	વૃક્ષારોપણ ઝુંબેશ હરિયાળી મહોત્સવ ઉજવણી	• વૃક્ષારોપણ અને ઉછેર, સંવર્ધન • જળશક્તિ અભિયાન અંગે જાગૃતિ	• વૃક્ષારોપણ અને ઉછેર, સંવર્ધન • જળશક્તિ અભિયાન અંગે જાગૃતિ • મારી શાળા સુંદર શાળા સ્પર્ધા	• વૃક્ષારોપણ અને ઉછેર, સંવર્ધન • જળશક્તિ અભિયાન અંગે જાગૃતિ અને પાણી બચાવો • મારી શાળા સુંદર શાળા સ્પર્ધા
સપ્ટેમ્બર	સ્વચ્છતા ઝુંબેશ ઉજવણી	• સ્વચ્છતા પખવાડિયા ઉજવણી, નજીકના વિસ્તારમાં જાગૃતિ માટેની રેલી	• સ્વચ્છતા પખવાડિયા ઉજવણી • નજીકના વિસ્તારમાં જાગૃતિ માટેની રેલી, જળશક્તિ અભિયાન અંગે જાગૃતિ • લોકગીત સ્પર્ધા • નિબંધ લેખન સ્પર્ધા	• સ્વચ્છતા પખવાડિયા ઉજવણી • નજીકના વિસ્તારમાં જાગૃતિ માટેની રેલી, જળશક્તિ અભિયાન અંગે જાગૃતિ • લોકગીત સ્પર્ધા • નિબંધ લેખન સ્પર્ધા
ઓક્ટોબર	વેસ્ટમાંથી બેસ્ટ ઝુંબેશ	• કાગળની બેગ બનાવવાની કામગીરી • વેસ્ટ મટીરિયલમાંથી આર્ટ અને ક્રાફ્ટ વર્ક • વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની સ્પર્ધા • પાણી, વીજળી અને અન્ય કુદરતી સંશાધનો બચાવો અંગેની જાગૃતિ અભિયાન • વર્લ્ડ હેન્ડવોશ ડે અંગેની જાગૃતિ અને ઉજવણી	• વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની સ્પર્ધા • જુદા જુદા પ્રકારની વનસ્પતિનું એકત્રીકરણ • કાગળની બેગ બનાવવી • વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની સ્પર્ધા • પ્લાસ્ટિકની ખરાબ અસરો અને પ્લાસ્ટિકનો ઓછો ઉપયોગ કરવા અંગે સામાજિક જાગૃતિ • વર્લ્ડ હેન્ડવોશ ડે અંગેની જાગૃતિ અને ઉજવણી	• જમીનનો વધુમાં વધુ ઉપયોગ કરવા અંગે પ્રેરણા સંદર્ભે કામગીરી • વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની સ્પર્ધા • પ્લાસ્ટિકની ખરાબ અસરો અને પ્લાસ્ટિકનો ઓછો ઉપયોગ કરવા અંગે સામાજિક જાગૃતિ • વર્લ્ડ હેન્ડવોશ ડે અંગેની જાગૃતિ અને ઉજવણી

માસ	થીમ	ધો. 1 થી 5	ધો. 6 થી 8	ધો. 9 થી 12
નવેમ્બર	રમતોત્સવ	• જુદા જુદા પ્રકારની રમતોનું આયોજન (વ્યક્તિગત અને સામૂહિક રમતો) • બાલદિનની ઉજવણી • ચિત્ર સ્પર્ધા	• એથ્લેટીક અને અન્ય રમતોની સ્પર્ધાનું આયોજન • બાલદિનની ઉજવણી • ચિત્ર સ્પર્ધા	• એથ્લેટીક અને અન્ય રમતોની સ્પર્ધાનું આયોજન • બાલદિનની ઉજવણી • ચિત્ર સ્પર્ધા
ડિસેમ્બર	વિજ્ઞાન અને ગણિત મેળો	• શાળાઓમાં વિજ્ઞાન અને ગણિત સપ્તાહની ઉજવણી	• શાળાઓમાં વિજ્ઞાન અને ગણિત સપ્તાહની ઉજવણી • કોયડા સ્પર્ધા • વિવિધ શૈક્ષણિક સામગ્રી / નમૂનાનું પ્રદર્શન	• શાળાઓમાં વિજ્ઞાન અને ગણિત સસાહની ઉજવણી • કોયડા સ્પર્ધા • વિવિધ શૈક્ષણિક સામગ્રી / નમૂનાનું પ્રદર્શન
જાન્યુઆરી	પતંગોત્સવ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ	• પતંગ બનાવવાની હરિફાઈ • શાળામાં પતંગોત્સવ ઉજવણી • શાળા સુશોભન • વર્ગ સુશોભન સ્પર્ધા	• પતંગ બનાવવા • શાળામાં પતંગોત્સવ ઉજવણી • શાળા સુશોભન • વર્ગ સુશોભન સ્પર્ધા	• પતંગ બનાવવા • શાળામાં પતંગોત્સવ ઉજવણી • શાળા સુશોભન વર્ગ સુશોભન સ્પર્ધા
ફેબ્રુઆરી	પર્યાવરણ જાગૃતિ ઝુંબેશ	• પ્રેરણાદાયક વાર્તા સ્પર્ધા • શિક્ષકો દ્વારા જમીન, પાણી, હવા અને અવાજના પ્રદૂષણ વિશે જાગૃત્તિ • પર્યાવરણને લગતી વીડિયો અને શોર્ટ ફિલ્મ બતાવવી.	• જમીન, પાણી, હવા અને અવાજના પ્રદૂષણ અંગે જાગૃતતા લાવવા માટેની ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા,પોસ્ટર નિર્માણ સૂત્રલેખન (સ્લોગન) બનાવવા • પર્યાવરણ ઉપર ચર્ચા અને પરિસંવાદ • પાણી, વીજળી અને બીજા કુદરતી સ્ત્રોતો બચાવવા માટે જાગૃતિના કાર્યક્રમ	• જમીન, પાણી, હવા અને અવાજના પ્રદૂષણ અંગે જાગૃતતા લાવવા માટેની ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા,પોસ્ટર નિર્માણ, સૂત્રલેખન (સ્લોગન) બનાવવા • પર્યાવરણ ઉપર ચર્ચા અને પરિસંવાદ • પાણી, વીજળી અને બીજા કુદરતી સ્ત્રોતો બચાવવા માટે જાગૃતિના કાર્યક્રમ

ઈકો કલબ અંતર્ગત અન્ય શાળાકીય પ્રવૃત્તિઓ

- વાલીઓમાં પર્યાવરણની સુધારણાનો મૈત્રીભર્યો અભિગમ અને વલણ તથા અભિરૂચિ કેળવવી.
- વિશ્વ પર્યાવરણ દિવસ, વનમહોત્સવ, વન દિવસ વગેરે ઉત્સવોની ઉજવણી કરવી.
- સ્વસ્થ જમીનની રચના કરવી.
- શાળા ઔષધબાગની રચના કરવી.
- છાણીયા ખાતરના ઉપયોગ વિશે પ્રચાર કરવો.
- શાકભાજીના બગીચા કરવા.
- ઘન કચરાનો નિકાલ કરવો.
- પાણી અને વીજળીના બગાડ અટકાવવાની જાગૃતિ લાવવી.
- જાહેર બાગ - બગીચાની જાળવણી કરવી.
- જમીન અને ભેજ સંરક્ષણ અંગેની જાગૃતિ કેળવવી.
- પર્યાવરણની દ્રષ્ટિએ અગત્યના સ્થળો જેવાં કે વન્યપ્રાણી ઉદ્યાનો, અભ્યારણ્યો તથા પ્રદૂષણ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત ગોઠવવી. જાગૃતિ માટે શિબિરોનું આયોજન કરવું.
- પ્રાકૃતિક ખેતીના નિદર્શન પ્લોટ તૈયાર કરવા.

યુથ કલબ

સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ અભ્યાસક્રમ અને અભ્યાસિક પ્રવૃત્તિઓની પૂરક છે. સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓની સહભાગિતા અને પ્રદર્શન શૈક્ષણિક ગુણવત્તા માટે મહત્વનું સૂચક છે. આથી આ પ્રવૃત્તિઓ શાળામાં સુચારૂરૂપો અમલમાં મુકાય તે જરૂરી છે.

- સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓની તૈયારી માટે વિદ્યાર્થીઓને પૂરતો સમય આપવો.
- હંમેશા સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓને ધોરણોની આંતર-સ્પર્ધાઓ તરીકે આયોજિત કરવી અને પોઈન્ટ્સના યોગ્ય રીતે રેકોર્ડ જાળવવા.
- સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન બુલેટિન બોર્ડ પર દર્શાવવું.
- સમયનો યોગ્ય ઉપયોગ થાય તે માટે, આ પ્રવૃત્તિઓ મહત્ત્વપૂર્ણ તહેવારો, દિવસો અને પ્રસંગોની ઉજવણી સાથે સુમેળ કરી હાથ ધરી શકાય.
- નોટિસ, ચિટ્ઠીઓના ડ્રો, સ્પર્ધાના દિવસે ફરજોની ફાળવણી, ઈવેન્ટના પરિણામો વગેરે રેકોર્ડ કરવા માટે સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ માટેનું રજિસ્ટર જાળવવું.

- સરકાર દ્વારા સમયાંતરે બહાર પાડવામાં આવતા વિવિધ પરિપત્રોનું ચુસ્તપણે પાલન કરવું.
- પ્રવૃત્તિઓમાં એવા તમામ ક્ષેત્રોને આવરી લેવા જોઈએ જે સર્વગ્રાહી વ્યક્તિત્વના વિકાસને સુનિશ્ચિત કરે છે.
- વિદ્યાર્થીઓની મહત્તમ ભાગીદારી સુનિશ્ચિત કરીને ઉપચારાત્મક વર્ગો દરમિયાન બપોરે દર વૈકલ્પિક બુધવારે સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ નિયમિતપણે હાથ ધરવી.
- શાળાના તમામ શિક્ષકોએ પણ સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓના આયોજનમાં ભાગ લેવો જોઈએ.
- અલગ-અલગ સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓને વાર્ષિક દિવસના કાર્યક્રમ અથવા અન્ય કાર્યક્રમ દરમિયાન સન્માનિત કરવા.

યુથ કલબ અંતર્ગત સૂચનાત્મક પ્રવૃત્તિઓ

- બાલવૃંદ
- કવિતા પઠન (ગુજરાતી / હિન્દી / સંસ્કૃત / અંગ્રેજી / સ્થાનિક બોલી)
- વક્તૃત્વ (ગુજરાતી / હિન્દી / અંગ્રેજી / સ્થાનિક બોલી)
- શીઘ્ર વક્તૃત્વ (ગુજરાતી / હિન્દી / અંગ્રેજી / સ્થાનિક બોલી)
- નાટક / લઘુનાટક (સ્ક્રીપ્ટ) (દેશભક્તિ થીમ / સામાજિક થીમ / સમકાલીન મુદ્દાઓ)
- ક્વિઝ (સ્વાતંત્ર્ય ચળવળ / વિજ્ઞાન અને ટેક્નોલોજી / હેરિટેજ / સાયબર સલામતી / પર્યાવરણ / વિશ્વના દેશો અને વિશ્વ સંસ્થાઓ / રમતગમત)
- ગીત (લોક, દેશભક્તિ, પરંપરાગત)
- નૃત્ય (લોક, પરંપરાગત, સમકાલીન)
- ચર્ચા (સમકાલીન મુદ્દાઓ પર)
- નિબંધ લેખન (રાષ્ટ્રીય / સામાજિક / ઐતિહાસિક મહત્ત્વના મુદ્દાઓ)
- રમતો
- સૂત્ર (સ્લોગન) લેખન (સમકાલીન મુદ્દાઓ પર)
- ચિત્રકામ (લેન્ડસ્કેપિંગ, પ્રકૃતિ, કારટુન વગેરે)
- સ્વદેશી રમકડાં અને રમતો
- ઈન્સ્ટ્રુમેન્ટલ મ્યુઝિક
- પ્રદર્શનો

ઉપરોક્ત પ્રવૃત્તિઓ ઉપરાંત સ્થાનિક કક્ષાએ આપના અનુભવની પ્રવૃત્તિઓ પણ યોજી શકાય.

શાળા કક્ષાએ મહત્ત્વના દિવસોની ઉજવણી

ક્રમ	તારીખ	દિન વિશેષ	શાળા કક્ષાએ સૂચવેલ પ્રવૃત્તિ
1.	05 / 06 / 2025	વિશ્વ પર્યાવરણ દિવસ	વૃક્ષારોપણ, કેમ્પસ સફાઈ, પ્લાસ્ટિક કચરો દૂર કરવો, જળ સંરક્ષણ પ્રોજેક્ટ હાથ ધરવા, ઈકો ક્લબની અન્ય પ્રવૃત્તિઓ
2.	21 / 06 / 2025	આંતરરાષ્ટ્રીય યોગ દિવસ	સામૂહિક યોગ સત્ર
3.	15 / 08 / 2025	સ્વાતંત્ર્ય દિવસ	ધ્વજારોહણ અને અન્ય દેશભક્તિ કાર્યક્રમ
4.	29 / 08 / 2025	રાષ્ટ્રીય રમતગમત દિવસ	રમતગમતની પ્રવૃત્તિઓનું આયોજન
5.	05 / 09 / 2025	શિક્ષક દિવસ	શિક્ષકોનું સન્માન અને વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષકોની ભૂમિકા ભજવવી.
6.	08 / 09 / 2025	વિશ્વ સાક્ષરતા દિવસ	"દરેક એક-એકને શીખવે (Each one Teach One)" વિષય પર સ્લોગન સ્પર્ધાનું આયોજન
7.	01 / 09 / 2025 થી 14 / 09 / 2025	હિન્દી પખવાડા	સ્વ-રચિત કવિતા / ટૂંકી વાર્તા લેખન / વાર્તા કથન / નિબંધ લેખન / વક્તૃત્વ / શીઘ્ર વક્તૃત્વ / પસંદ કરો અને બોલો / ચર્ચા / પુસ્તક સમીક્ષા / હિન્દી હસ્તપ્રત મેગેઝિન (વર્ગ મુજબ) / પોસ્ટર ડિઝાઈનિંગ / કવિતા પઠન / ક્વિઝ / સૂત્ર લેખન / કેપ્શન લેખન / મોનો-એક્ટ
8.	02 / 10 / 2025	ગાંધી જયંતિ	સ્વચ્છતા અને સાંસ્કૃતિક કાર્યક્રમ
9.	11 / 10 / 2025	આંતરરાષ્ટ્રીય બાળકી દિવસ	પોસ્ટર નિર્માણ, સંબંધિત થીમ પર પ્રદર્શન, લઘુ નાટક વગેરે
10.	31 / 10 / 2025	એકતા દિવસ	ભારતમાં એકતાના મહત્વ માટે એકતા સંકલ્પ અને વક્તવ્ય
11.	11 / 11 / 2025	શિક્ષા દિવસ - રાષ્ટ્રીય શિક્ષણ દિવસ	મૂલ્ય અને કૌશલ્ય આધારિત શિક્ષણ પર સેમિનાર
12.	14 / 11 / 2025	બાલ દિવસ	બાળ ફિલ્મ નિદર્શન, સ્વતંત્રતા, રાજકીય સ્થિરતા મેળવવા બાલ દિવસ અને રાષ્ટ્રના યુવા અંકુરને પ્રભાવિત કરવાના ક્ષેત્રમાં યોગદાન પર વિશેષ વાર્તાલાપ.

ક્રમ	તારીખ	દિન વિશેષ	શાળા કક્ષાએ સૂચવેલ પ્રવૃત્તિ
13.	14 / 11 / 2025 થી 21 / 11 / 2025	પુસ્તક સપ્તાહ	પુસ્તક કવર ડિઝાઈનિંગ/પુસ્તક પ્રદર્શન/પુસ્તક સમીક્ષા/લેખકોની સરખામણી/સેમિનાર અને પ્રતિષ્ઠિત ગ્રંથપાલો સાથે પરિસંવાદ/નિબંધ લેખન/વકતૃત્વ/પુસ્તકોના મહત્ત્વ પર શીઘ્ર વકતૃત્વ/લેખકો, પુસ્તકો, તજજ્ઞો પર પ્રશ્નોત્તરી
14.	15 / 11 / 2025	બિરસા મુંડા જયંતિ (જનજાતીય ગૌરવ દિવસ)	લોકનૃત્ય સ્પર્ધા, આદિવાસી સ્વાતંત્ર્ય સેનાની પર વક્તવ્ય, આદિવાસી નાયકો પર ફકરા લેખન સ્પર્ધા.
15.	26 / 11 / 2025	બંધારણ દિવસ	બંધારણીય મૂલ્યો પર ચર્ચા અને પ્રવચન
16.	11 / 12 / 2025	ભાષા સંગમ	સાહિત્યિક પ્રવૃત્તિઓ, મારી ભાષા મારી સહી
17.	22 / 12 / 2025	ગણિત દિવસ	ગણિતની ક્વિઝ, ગણિત મોડેલ નિર્માણ અને પ્રદર્શન
18.	26 / 12 / 2025	વીર બાળ દિવસ	લઘુનાટક સ્પર્ધા, સાહેબઝાદા ઝુરાવર સિંઘ અને ફતેહસિંહ પર આધારિત મૂવીનું નિદર્શન / ઐતિહાસિક વીર ગાથાઓ પર ચર્ચા
19.	12 / 01 / 2026	રાષ્ટ્રીય યુવા દિવસ	સ્વામી વિવેકાનંદના વિચારો પર ચર્ચા "કલ આજ ઓર કલ'
20.	23 / 01 / 2026	પરાક્રમ દિવસ	રેલી, સાંસ્કૃતિક કાર્યક્રમો
21.	26 / 01 / 2026	ગણતંત્ર દિવસ (પ્રજાસત્તાક દિવસ)	ધ્વજવંદન, દેશભક્તિની થીમ પર સાંસ્કૃતિક કાર્યક્રમો
22.	21 / 02 / 2026	માતૃભાષા દિવસ	લોકગીત, નિબંધ સ્પર્ધા, ચર્ચા, પોસ્ટર નિર્માણ, સામાન્ય જ્ઞાન અંતર્ગત સ્પર્ધાઓ
23.	28 / 02 / 2026	વિજ્ઞાન દિવસ	વિજ્ઞાન ક્વિઝ અને પ્રદર્શન
24.	03 / 03 / 2026	વિશ્વ વન્યજીવન દિવસ	વિષય અનુરૂપ વીડિયો નિદર્શન સ્ક્રીનીંગ, ચિત્ર પ્રદર્શન, ક્વિઝ વગેરે
25.	08 / 03 / 2026	આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ	ગેસ્ટ લેક્ચર, મહિલાઓની સિદ્ધિઓની ઉજવણી

દરેક શાળાએ આ પ્રવૃત્તિઓના આયોજનનું સમયપત્રક તૈયાર કરવું અને તેને શાળાના કેલેન્ડરમાં દર્શાવવું. તમામ પ્રવૃત્તિઓનું રેકર્ડ નિભાવવું. દરેક રેકર્ડ પર આચાર્ય દ્વારા સહી કરવી. આ રેકર્ડ શાળાની મુલાકાત સમયે મુલાકાત લેનાર અધિકારીશ્રી, મહેમાનો વગેરેને બતાવવું.

શિક્ષણમાં કલા અંતગત હાથ ધરવામાં આવતી કલા પ્રવૃત્તિઓ

- પરંપરાગત પ્રદર્શન કલા
- નૃત્ય- ક્લાસિકલ
- ગાયકવૃંદ
- કઠપૂતળી (પપેટ્સ શો)
- વિઝ્યુઅલ આર્ટ-શિલ્પ, પેઈન્ટિંગ, માટીકામ (પરંપરાગત અને આધુનિક) હસ્તકલા (પરંપરાગત અને આધુનિક)
- માર્શલ આર્ટ
- કવિતા લેખન અને પઠન, સર્જનાત્મક લેખન
- પરિસંવાદ અને ચર્ચા
- આધુનિક ડાન્સ કમ્પોઝિશન
- ઓન ધ સ્પોટ પેઈન્ટીંગ અને કવિતા સ્પર્ધા
- લોક રંગભૂમિ
- લોક સંગીત
- લોકગીતો

શિક્ષણમાં કલાની મુખ્ય પ્રવૃત્તિઓનું આયોજન

- શિક્ષણમાં કલા દ્વારા વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય એકતાના મૂલ્યો અને અન્ય સાર્વત્રિક મૂલ્યો કેળવાય છે.
- કલા ઉત્સવની વિવિધ પ્રવૃત્તિઓ ગાયન / વાદન સંગીત, નૃત્ય, ચિત્રકળા, કલા / સંગીત, બેન્ડ સ્પર્ધા વગેરેનું આયોજન કરવું જોઈએ જ્યાં તમામ વિદ્યાર્થીઓ પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકે તેવું વાતાવરણ નિર્માણ કરવું.

- કલાની પ્રવૃત્તિઓ : પોસ્ટર નિર્માણ સ્પર્ધા / સર્જનાત્મક કાર્ય સ્પર્ધા, કાર્ટૂન બનાવવાની સ્પર્ધા, માસ્ક બનાવવા, સુલેખન સ્પર્ધા, થીમ આધારિત ચિત્ર સ્પર્ધા, હિન્દી સુલેખન, લોક કલા, સ્ક્રોલ પેઈન્ટિંગ, મહાકાવ્યો અને પંચતંત્ર અથવા ઐતિહાસિક સ્થળોની વાર્તાઓ પર ચિત્રણ, લોકકલા પર વિઝ્યુઅલ આર્ટવર્ક, લાકડાની ઢીંગલી બનાવવી, નૃત્ય, નાટક, થિયેટર, યુવા ગાયકવૃંદ વગેરે પ્રવૃત્તિઓનું આયોજન ચોક્કસ પ્રસંગોએ કરવું આવશ્યક છે. તેવી જ રીતે વિશ્વ આરોગ્ય દિવસ, વિશ્વ સાક્ષરતા દિવસ, હિન્દી પખવાડા, ભારત છોડો આંદોલન દિવસ, એક ભારત શ્રેષ્ઠ ભારત પ્રવૃત્તિઓ, શૈક્ષણિક કાર્યશાળામાં કલા, રાષ્ટ્રીય તહેવારો અને મહાન વ્યક્તિત્વો અને સ્વાતંત્ર્ય સેનાનીઓની જન્મજયંતિઓ પર કલા પ્રવૃત્તિઓનું આયોજન કરવું.
- વિદ્યાર્થીઓને ગાવા અને વાદ્યો વગાડવા તૈયાર કરવા અને તે માટે વિવિધ પ્રકારનાં પૂરતા વાદ્યો વિદ્યાર્થીઓને ઉપલબ્ધ કરાવવા.
- વિદ્યાર્થીઓ દ્વારા રચિત સારી ગુણવત્તાના ચિત્રો યોગ્ય રીતે તૈયાર કરી (મઢાવી) અને મહત્ત્વપૂર્ણ સ્થળોએ પ્રદર્શિત કરવા જોઈએ જેમ કે પ્રાથનાખંડ, પુસ્તકાલય, પ્રવેશદ્વાર, પ્રિન્સિપાલ ઓફિસ, વર્ગખંડ વગેરે. આ પ્રકારના ડિસ્પ્લે માટે ગ્રાફિક્સ-વોલ તૈયાર કરવી.
- શાળામાં વિદ્યાર્થીઓને શૈક્ષણિક કાર્યમાં વિવિધ પરફોર્મિંગ આર્ટ પરંપરાઓ, ચિત્રકળા શૈલીઓ, હસ્તકલા અને થિયેટરને સામેલ કરવા.
- આપણા ગ્રામીણ સમાજના પરંપરાગત ગીતો, લોકગીતો, કલા અને પરંપરાગત થિયેટર માટે કાર્યશાળાનું આયોજન કરવું.
- વિદ્યાર્થીઓને તાલીમ આપવા માટે સાહિત્યિક, વિઝ્યુઅલ આર્ટ, અને પરફોર્મીંગ આર્ટના ક્ષેત્રની પ્રતિષ્ઠિત હસ્તીઓ સામેલ કરવી.
- વિદ્યાર્થીઓમાં નેતૃત્વના ગુણો કેળવવા માટે જાણીતા શિક્ષણવિદો અને જાહેર જીવનની પ્રતિષ્ઠિત હસ્તીઓને પણ સાંકળવા કે જેઓ વક્તવ્યો આપે તેમજ ચર્ચા સંવાદ ગોઠવી શકે.
- વિવિધ લોકગીતો, લોકનૃત્યો, વાર્તાકથન, કથાવાચન વગેરે માટે સ્થાનિક સંસાધનો / વડીલો / ગ્રામજનોનો યોગ્ય રીતે સહકાર મેળવવો.

PM SHRI શાળાઓમાં ક્ષેત્રિય મુલાકાત / પ્રવાસ (Exposure Visit Inside the state & Outside the state)

માર્ગદર્શિકા

બાળ શિક્ષણ અંતર્ગત વર્ગખંડ અંદરની પ્રવૃત્તિઓની સાથે વર્ગખંડ / શાળા બહારના અનુભવોનું જોડાણ કરવું ખૂબ જ મહત્વનું છે. વિદ્યાર્થીઓ શાળામાં જે પાત્રો, પ્રસંગો, ઘટનાઓ કે સંસ્થાઓ વિશે ભણે છે તેમની તથા જે વિષયવસ્તુ શીખે છે તેના ઉપર કાર્ય કરતી સંસ્થાની રૂબરૂ મુલાકાત કરવાથી મેળવેલું જ્ઞાન કાયમી બની જાય છે. સુનિયોજિત રીતે કરાવવામાં આવેલી મુલાકાત વિદ્યાર્થીઓને જીવનમાં હકારાત્મક પરિવર્તન લાવી શકે છે અને ઉજ્જવળ ભવિષ્ય માટે કાર્ય કરવા માટે પ્રેરિત કરી શકે છે. આ હેતુને ધ્યાને લઈ PM SHRI શાળાઓમાં ક્ષેત્રિય મુલાકાત / પ્રવાસ (Exposer Visit) માટે નીચે મુજબ આયોજન કરવાનું રહેશે.

બજેટ અને અમલવારી

- સમગ્ર શિક્ષા દ્વારા PM SHRI Scheme અંતર્ગત પસંદ થયેલી શાળાઓના ધોરણ 6 થી 8માં અભ્યાસ કરતા વિદ્યાર્થી દીઠ ₹ 500/- (અંકે રૂપિયા પાંચસો પૂરા) ની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે અને ધોરણ 9 થી 12માં અભ્યાસ કરતા વિદ્યાર્થી દીઠ ₹ 6,700/- (અંકે રૂપિયા છ હજાર સાતસો પૂરા)ની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.
- PM SHRI Scheme અંતર્ગત પસંદ થયેલી શાળાઓનાં ધોરણ 6 થી 12ના તમામ વિદ્યાર્થીઓને સમાવવાના રહેશે. સમગ્ર પ્રવાસનું આયોજન શાળા કક્ષાએથી કરવાનું રહેશે.

સ્થળની પસંદગી

- અભ્યાસક્રમમાં આવતા પાત્રો, પસંગો, ઘટનાઓ, સ્થળ વગેરેને ધ્યાનમાં લઈને સ્થળોની પસંદગી કરવી.
- ધોરણવાર કે જુદા જુદા જૂથ નિર્માણ કરીને અલગ-અલગ સ્થળોના પ્રવાસ ગોઠવવા જેથી વધુ સ્થળોને આવરી શકાય.
- પ્રવાસ માટે સ્થળ અને વાતાવરણ અનુસાર યોગ્ય સમય નક્કી કરવો.
- ઐતિહાસિક ઘટનાઓ થઈ હોય તેવા સ્થળો.
- કોઈ પ્રખ્યાત કવિ / લેખક, સ્વતંત્ર સેનાની, શહીદ સૈનિક, ઐતિહાસિક પાત્ર, મહાન શાસક, ખેલાડી, વૈજ્ઞાનિક, ગણિતશાસ્ત્રી, ખગોળશાસ્ત્રી, સમાજસુધારક વગેરે જેવા પાત્રો સાથે જોડાયેલા સ્થળો.
- પુરાતત્વ વિભાગ દ્વારા ખોદકામ કરીને શોધી કાઢવામાં આવેલા હોય તેવા નગરો / ધાર્મિક સ્થળો / જીવાસ્મો જ્યાંથી મળ્યા હોય તે સ્થળો / સંગ્રહાલયો.
- વિજ્ઞાન ક્ષેત્રે કાર્ય કરતી સંસ્થાઓ (ઈસરો, બાયસેગ વગેરે).
- વિદ્યાર્થીઓની ગણિત-વિજ્ઞાન-કલામાં રૂચિ વધે તેવા સ્થળો.
- સહકારી એકમો, ઔદ્યોગિક એકમો, મોટા ડેરી પ્લાન્ટ.
- મુખ્ય સરકારી કચેરીઓ (વિધાનસભા, કલેકટર કચેરી, ભૂશાસ્ત્ર વિભાગની કચેરી, સર્વે ઓફ ઈન્ડિયાની કચેરી, પોસ્ટઓફિસ, પોલીસ સ્ટેશન, અગ્નિશમન વિભાગની કચેરી વગેરે).
- જિલ્લા / રાજ્યમાં આવેલા વિશિષ્ટ ઓળખ ધરાવતા સ્થળો.

આયોજન અંગેની સૂચનાઓ

- ગુજરાત રાજ્ય સરકાર અને શિક્ષણ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓના શૈક્ષણિક પ્રવાસ માટે લાગુ કરવામાં આવેલા તમામ નિયમો અને માર્ગદર્શિકાનું અને વખતોવખતના સુધારાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
- પ્રવાસનું સંપૂર્ણ આયોજન અગાઉથી લેખિતમાં તૈયાર કરવું. તેમાં પ્રવાસના ધોરણ વાર હેતુઓની નોંધ કરવી. પ્રવાસમાં આવરી લેવામાં આવેલા સ્થળો કયા ધોરણના, કયા વિષયના, કયા એકમ સાથે સુસંગત છે તે પણ નોંધવું.

- તમામ વિદ્યાર્થીઓ અને વાલીઓને પ્રવાસ માટેના હેતુ, સ્થળ, તારીખ, સાથે જનાર શિક્ષકશ્રીઓના નામ વગેરે વિશે અગાઉથી માહિતગાર કરવાના રહેશે.
- પ્રવાસમાં જોડાનાર વિદ્યાર્થીઓ અને શિક્ષકોની યાદી તૈયાર કરી જરૂરી તમામ મંજૂરી મેળવી લેવાની રહેશે અને આ તમામ યાદી, મંજૂરી, ખર્ચ અને બાકીની વિગતો શાળા દફતરે રાખવાના રહેશે.
- પ્રવાસ દરમ્યાન વિદ્યાર્થીઓની સંખ્યા અને લિંગ (કુમાર / કન્યા) મુજબ શિક્ષકોએ ફરજિયાત સાથે જોડાવાનું રહેશે.
- પ્રવાસ દરમ્યાન વિદ્યાર્થીઓની ટીમ નિર્માણ કરી ટીમ દીઠ એક શિક્ષક અને એક વિદ્યાર્થીને ટીમ લીડર તરીકે કામગીરી સોંપી શકાય.
- જે સ્થળ / સંસ્થાની મુલાકાત લેવાની હોય તેની સાથે અગાઉથી મુલાકાત સંદર્ભે જરૂરી પત્રવ્યવહાર, ઈ-મેઈલ કે ફોનથી મંજૂરી મેળવી લેવાની રહેશે.
- પ્રવાસમાં જોડાનાર તમામ વિદ્યાર્થીઓના વાલી પાસેથી પ્રવાસમાં જતા અગાઉ લેખિતમાં સંમતિપત્ર મેળવી લેવાનો રહેશે.
- પ્રવાસ દરમ્યાન વિદ્યાર્થીઓની સલામતીનું સંપૂર્ણ ધ્યાન રાખવાનું રહેશે.
- વાહનોનાં ઉપયોગમાં સરકારશ્રી દ્વારા વખતોવખત સૂચવવામાં આવેલા નિયમોનું ચુસ્ત પાલન કરવું.

ખર્ચ અંગેની સૂચનાઓ

- આ ગ્રાન્ટમાંથી પ્રવાસ દરમ્યાન વિદ્યાર્થીઓ માટે ચા-કોફી-નાસ્તો, ભોજન, નિવાસ, પ્રવેશ ટિકિટ, વાહન વગેરે ખર્ચ કરી શકાશે.
- નિયમોનુસાર પ્રવાસ ખર્ચનો હિસાબ અને તમામ વાઉચર આચાર્યશ્રી દ્વારા જાળવવાના રહેશે.
- પ્રવાસ બાદ પ્રવાસમાં જોડાયેલા વિદ્યાર્થીઓએ ફરજિયાત પ્રવાસનો અહેવાલ લખવાનો રહેશે.
- શિક્ષકશ્રીએ પણ પ્રવાસના હેતુઓ અને અનુભવોની નોંધ કરીને આચાર્યશ્રીને આપવાની રહેશે.
- પ્રવાસ બાદ પ્રાર્થના સભામાં વિદ્યાર્થીઓએ લખેલા અહેવાલ અને શિક્ષકશ્રીએ પોતાની નોંધનું વર્ણન કરવાનું રહેશે.

એક ભારત શ્રેષ્ઠ ભારત

માર્ગદર્શિકા

આપણા રાષ્ટ્રની અનોખી લાક્ષણિકતા વિવિધતામાં એકતાની ઉજવણી કરવા અને આપણા દેશના લોકો વચ્ચે પરંપરાગત રીતે પ્રવર્તમાન ભાવનાત્મક બંધનને જાળવવા અને મજબૂત કરવા "એક ભારત શ્રેષ્ઠ ભારત" કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવેલ છે. આ કાર્યક્રમ અંતર્ગત ગુજરાત અને છત્તીસગઢ રાજ્ય એક ભારત શ્રેષ્ઠ ભારતની પ્રવૃત્તિઓ માટેના સહભાગી રાજ્યો છે.

'એક ભારત શ્રેષ્ઠ ભારત" કાર્યક્રમ અંતર્ગત સરકારી માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શાળાદીઠ ₹ 500/- અને PM SHRI શાળાઓમાં શાળા દીઠ ₹ 1000/- ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.

હેતુઓ

- આપણા રાષ્ટ્રની વિવિધતામાં એકતાની ઉજવણી કરવા અને આપણા દેશના લોકો વચ્ચે પરંપરાગત રીતે પ્રવર્તમાન ભાવનાત્મક જોડાણને મજબૂત કરવું.
- તમામ ભારતીય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો વચ્ચે એક વર્ષ સુધી આયોજિત જોડાણ દ્વારા રાષ્ટ્રીય એકતાની ભાવનાને પ્રોત્સાહન આપવું.
- સમૃદ્ધ વારસો અને સંસ્કૃતિ, રિવાજો અને પરંપરાઓ દર્શાવવા માટે કે જે લોકોને ભારતની વિવિધતાને સમજવા અને પ્રશંસા કરવા સક્ષમ બનાવે છે, આમ સામાન્ય ઓળખની ભાવનાને પ્રોત્સાહન આપવું.

- લાંબાગાળાના જોડાણ સ્થાપિત કરવા, શ્રેષ્ઠ વાતાવરણ અને અનુભવો રજૂ કરીને રાજ્યો વચ્ચે જ્ઞાનના આદાન-પ્રદાનને પ્રોત્સાહન આપતું વાતાવરણ બનાવવું.
- છત્તીસગઢ રાજ્ય વિશેની ઐતિહાસિક સાંસ્કૃતિક તેમજ અન્ય માહિતીપ્રદ વિગતો તૈયાર કરી પ્રશ્ન અને જવાબ સ્વરૂપે વર્ગખંડમાં રજૂ કરવી.
- જે -તે જોડીદાર રાજ્યોની ભાષાઓમાં 100 વાક્યો, ગીત રચનાઓ, કહેવતો - રૂઢિપ્રયોગો તથા વિશિષ્ટ શબ્દપ્રયોગો અંગે વિદ્યાર્થીઓની અભિવ્યક્તિ વિકસાવવી.
- જોડીદાર રાજ્યોના વિદ્યાર્થીઓ વચ્ચે નિબંધ-સ્પર્ધા
- જોડીદાર રાજ્યની ભાષા શીખવા માટે શાળામાં વૈકલ્પિક વર્ગો
- જોડીદાર રાજ્યની સંસ્કૃતિ, ઈતિહાસ, પરંપરા ઉપર નાટક / લોકનાટિકા / પાત્ર-ભજવણી જોડીદાર રાજ્યની ભાષામાં સમાન કહેવતોની ઓળખ / અનુવાદ અને પ્રસારણ.
- જોડીદાર રાજ્ય વિશે 'વિષય-આધારિત ડિસ્પ્લે-બોર્ડ / વોલ મેગેઝિન' (જોડીદાર રાજ્યનાં ઐતિહાસિક સ્મારકો, પહેરવેશની રીતરસમ, ચિત્રકલા, નૃત્ય, સંગીત, લોકકલા, હસ્તકલા અને પાયાનાં વાક્યો, વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિ, પરંપરાગત દવાઓ માટે વપરાતી વનસ્પતિઓનું જ્ઞાન, પર્યાવરણ, ઈકોસિસ્ટમ વગેરેથી પરિચિત થાય.)
- જોડીદાર રાજ્યને લગતા તાજા સમાચારો, ઈતિહાસ, સંસ્કૃતિ, રાષ્ટ્રીય આદર્શો, સામાજિક સુધારા, જાણીતા મહાનુભાવો (વર્તમાન તથા ઐતિહાસિક) અથવા જોડીદાર રાજ્યને નોંધનીય જણાય તેવા અન્ય કોઈપણ વિષય અંગે વિદ્યાર્થીઓ અને શિક્ષક / અધ્યાપકો દ્વારા વાર્તાલાપો ગોઠવી શકાય.
- જોડીદાર રાજ્ય ઉપર 'પ્રશ્નોત્તરી સત્ર'
- જોડીદાર રાજ્યના 'રાજ્ય દિવસની ઉજવણી'
- સાંસ્કૃતિક સંમિશ્રણ સ્પર્ધા (લોકનૃત્ય, કળાઓ અને ચિત્રકામ, સંગીત, ભોજન. બે જોડીદાર રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશની કોઈપણ અન્ય સાંસ્કૃતિક પ્રવૃત્તિનું સંમિશ્રણ દ્વારા પ્રદર્શન કરી શકાય.)
- 'સાહિત્ય-ઉત્સવ' (ક્વિઝ સ્પર્ધા કાવ્યપઠન, શીઘ્રસર્જન, વક્તવ્ય, ચર્ચા, જોડીદાર રાજ્ય / કેન્દ્રશાસિત પ્રદેશના લોકપ્રિય પ્રાદેશિક ગ્રંથોના અનુવાદ)
- એક ભારત, શ્રેષ્ઠ ભારત ઉત્સવ (એકતાની પ્રતિજ્ઞા, સંસ્કૃતિ, રીત-રિવાજો પરંપરાઓ, પહેરવેશ, કૃષિ, ભોજન, વનસ્પતિ-પ્રાણીસૃષ્ટિ) વન્યજીવન, ક્લાઈમેટ, રાજ્યો / - કેન્દ્રશાસિત પ્રદેશોના વિદ્યાર્થીઓ સાથે વીડિયો કૉન્ફરન્સિંગ.)

- જોડીદાર રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશ વિશે સ્ક્રેપ બુક
- 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' શાળા અહેવાલ (સ્કૂલ-રિપોર્ટ)
- જોડીદાર રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશ તરફથી લોકપ્રિય અને યોગ્ય-વયની ફિલ્મ / ફિલ્મો જોડીદાર રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશની ભાષામાં હોય તે દર્શાવવી, જેમાં જે તે રાજ્ય કેન્દ્રશાસિત પ્રદેશની સંસ્કૃતિનો પડઘો પડતો હોય.
- ભારતમાં સાંસ્કૃતિક વિવિધતા અંગેનું શિક્ષણ આપવા માટે રમકડાંનો ઉપયોગ.
- પર્યાવરણ, જંગલ અને વન્યજીવનું સંરક્ષણ, જળ-સંરક્ષણ, શારીરિક ફિટનેસ અને આરોગ્ય, લિંગ-જાતિ સંવેદનશીલતા, નૈતિકતા અને મૂલ્યો, સ્ત્રોત સંરક્ષણ, હવા-ઉજાસ (સેનિટેશન) અને વ્યક્તિગત / જાહેર આરોગ્યતંત્ર વગેરે બાબતો પ્રત્યે જાગરૂકતા અને સંવેદનશીલતાનો EBSB પ્રવૃત્તિઓમાં સમાવેશ.
- જોડીદાર રાજ્ય / કેન્દ્રશાસિત પ્રદેશની સ્વદેશી રમતો અંગેનું શિક્ષણ.
- જોડીદાર રાજ્યનાં લોક-ચિત્ર / કળા / હસ્તકળા અંગે શીખવું.
- રમકડાં બનાવવાં : જોડીદાર રાજ્ય પાસેથી હાથબનાવટનાં રમકડાં બનાવવાનું શીખવું અને વર્ગદીઠ એનો સમગ્રલક્ષી અહેવાલ તૈયાર કરવો.

વાલી-શિક્ષક મિટિંગ (Parent-Teacher Meeting)

માર્ગદર્શિકા

વાલી-શિક્ષક મિટિંગ એ શાળા શિક્ષણમાં અગત્યનું ઘટક છે. તેનાથી માતાપિતા / વાલીઓને શિક્ષકો સાથે જોડાવા અને બાળકોની શૈક્ષણિક પ્રગતિ વિશે ચર્ચા કરવાની અને તેમના શીખવાની ક્ષમતાને ટેકો આપવા માટે વ્યૂહરચના વિકસાવવાની તક મળે છે. બાળકો માટે સફળ શૈક્ષણિક અનુભવને પ્રોત્સાહન આપવા વાલી-શિક્ષક મિટીંગ આવશ્યક છે. PM SHRI શાળાઓને Community Participation હેઠળ ફાળવવામાં આવેલ કુલ ₹ 10,000 ગ્રાન્ટમાંથી એક વાલી-શિક્ષક મિટિંગ માટે ₹ 1000 / - લેખે કુલ પાંચ મિટિંગ માટે શાળા દીઠ ₹ 5000 / - (અંકે રૂપિયા પાંચ હજાર) ની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

ધ્યેય

- માતા-પિતાને રોજિંદા ધોરણે તેમના બાળક સાથે કામ કરતા તમામ શિક્ષકો અને શાળાના કર્મચારીઓને મળવાની તક પૂરી પાડવી.
- માતા-પિતા / વાલીને તેમના બાળકના શૈક્ષણિક પ્રદર્શન, હાજરી, વર્તન, શક્તિઓ, PAT / SATના પરિણામ, યોજાઈ ગયેલ અથવા આગામી સમયમાં યોજાનાર શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં બાળકની ભાગીદારી અને સુધારણાના ક્ષેત્ર વિશે માહિતગાર કરવા.
- સૂચનો મેળવવા અને વાલીઓને શાળા પ્રણાલીનો ભાગ બનવાની તક પૂરી પાડવી.

- બાળકના સર્વાંગી વિકાસ અંગે માતા-પિતા / વાલીઓ અને શિક્ષકો વચ્ચે સારી સમજ કેળવવી.
- શાળામાં હાથ ધરવામાં આવતી પ્રવૃત્તિઓ / કાર્યક્રમો વિશે વાલીઓને માહિતી પ્રદાન કરવી અને સહયોગ પ્રાપ્ત કરવો.
- શાળાની શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે વાલીઓ તરફથી સહયોગ પ્રાપ્ત કરવો.

અપેક્ષિત પરિણામો

- માતા-પિતા / વાલી દ્વારા તેમના બાળકને શાળામાં વધુ સારું પ્રદર્શન કરવામાં મદદરૂપ થવું.
- બેઠકમાં માહિતીની આપ-લેના પરિણામે બાળકોને શિક્ષકો અને વાલીઓ તરફથી વધુ સહયોગ મળે છે.
- માતા-પિતા / વાલી બાળકોમાં રહેલા કૌશલ્યો અને તેમની ક્ષમતાથી વાકેફ થાય.
- બાળકોની શાળામાં 100% હાજરી સુનિશ્ચિત થાય.
- વાલીઓ અને શિક્ષકો બાળકોની શૈક્ષણિક સિદ્ધી જાણી તેના વિકાસ માટે પ્રયત્નશીલ બને.

વાલી-શિક્ષક મિટિંગનો અમલ

- દર બે માસે એક વખત તેમ વર્ષમાં ઓછામાં ઓછી પાંચ શિક્ષક-વાલી મિટીંગ યોજવાની છે.
- મોટાભાગના માતા-પિતા / વાલીઓ ઉપસ્થિત રહી શકે તે મુજબ મિટિંગનું આયોજન કરવું. મિટિંગના એક સપ્તાહ અગાઉ તેમને લેખિતમાં જાણ કરવી.
- મિટિંગની તારીખ, સમય, સ્થાન અને સંક્ષિપ્ત કાર્યસૂચિ સંબંધિત સ્પષ્ટ વિગતો સાથે આમંત્રણ મોકલવું. માતા-પિતાને બાળક સબંધી ચિંતાઓ, પ્રશ્નો અને ધ્યાનાકર્ષક બાબતો અગાઉથી તૈયાર કરવા પ્રોત્સાહિત કરવા.
- વાલી-શિક્ષક મિટિંગના આગલા દિવસે તમામ માતા-પિતા / વાલીઓને રીમાઈન્ડર તરીકે ફોન કોલ અથવા ટેક્સ્ટ સંદેશ મોકલી શકાય.
- શિક્ષકોએ વિદ્યાર્થીઓની હાજરી, પ્રગતિની સમીક્ષા કરીને, ધ્યાન આપવા યોગ્ય ક્ષેત્રોને ઓળખીને અને અન્ય જરૂરી સામગ્રી અગાઉથી તૈયારી કરવાની રહેશે.

- મિટિંગમાં હાજરી અને ચર્ચાના મુદ્દાઓની નોંધ આ સાથે આપેલા ‘ વાલી-શિક્ષક મિટિંગ મિનિટ્સ’ના નમૂના મુજબના પત્રકમાં આચાર્ય / વર્ગશિક્ષક દ્વારા રાખવાની રહેશે.
- વાલી-શિક્ષક મિટિંગ શાળાના પરિસરમાં શાળા સમય પહેલા અથવા મહિનાની છેલ્લી (આખર) તારીખે યોજી શકાય.
- માતા-પિતા / વાલીની વર્ગશિક્ષક સાથે રૂબરૂ (One to One) મિટિંગનું આયોજન કરવું.
- મિટિંગમાં ઉપસ્થિત રહેનાર માટે ચા-કોફી-પાણી વગેરે જેવી વ્યવસ્થા માટે પ્રત્યેક ‘મિટિંગ દીઠ મહત્તમ ₹ 1,000/- (PM SHRI શાળાઓ માટે જ) સુધીનો ખર્ચ કરી શકાશે.

મિટિંગ દરમિયાન ધ્યાનમાં રાખવાના મુદ્દાઓ

- માતાપિતા / વાલીઓનું સ્વાગત કરીને મિટિંગની શરૂઆત કરવી.
- મૈત્રીપૂર્ણ અને હકારાત્મક વાતાવરણ બનાવવું.
- મિટિંગના સમયનો મહત્તમ ઉપયોગ કરવા માટે પૂર્વ આયોજિત કાર્યસૂચિ તૈયાર રાખવી.
- સમૂહ મિટિંગ માટે વધુમાં વધુ 30 થી 45 મિનિટનો જ સમય રાખવો.
- સમૂહ મિટિંગ / ચર્ચાની જરૂર ના હોય ત્યારે વાલીઓને બે થી ત્રણ કલાકનો સમયગાળો આપવો. તે સમયગાળા દરમ્યાન વાલીઓ પોતાના અનુકૂળ સમયે પોતાના બાળક સાથે શાળામાં આવી શિક્ષક સાથે અને આચાર્ય સાથે જરૂરિયાત મુજબ રૂબરૂ (Ont to One) વાત કરી શકે તેવું આયોજન હાથ ધરવું.
- દરેક વિદ્યાર્થીના શૈક્ષણિક પ્રદર્શનની ચર્ચા કરો, તેમની શક્તિઓ અને સુધારણા માટેના ક્ષેત્રોને પ્રકાશિત કરો. શક્ય હોય ત્યારે ઉદાહરણો અને ડેટાનું આદાન-પ્રદાન કરવું.
- વિદ્યાર્થીની હાજરી, વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગીદારી, P A T ની નોટબુક / S A T ની ઉત્તરવહીઓનું નિદર્શન, વિદ્યાર્થીનું આરોગ્ય વગેરે અંગે વિદ્યાર્થીના વાલી સાથે ચર્ચા કરવી.
- કોઈપણ સંજોગોમાં વ્યક્તિગત બાળકની સુધારાત્મક બાબતોની જાહેર / સમૂહમાં ચર્ચા કરવી નહીં.
- વર્ગમાં વિદ્યાર્થીની વર્તણૂક અને સાથીદારો સાથેની ક્રિયા-પ્રતિક્રિયા વિશે વાત કરવી.

- વિદ્યાર્થીના શિક્ષણ માટે લક્ષ્યો અને અપેક્ષાઓ નક્કી કરી આ લક્ષ્યોને ટેકો આપવા માટે માતાપિતા / વાલી ઘરે શું કરી શકે તેની ચર્ચા કરવી.
- માતાપિતાને પ્રશ્નો પૂછવા અને તેમની ચિંતા વ્યક્ત કરવા માટે પૂરતો વ્યક્તિગત સમય આપો.
- તેમને ધ્યાનપૂર્વક સાંભળો, વિચારશીલ જવાબો આપો.
- ચિંતાઓને દૂર કરવા અને લક્ષ્યો હાંસલ કરવા માટે સ્પષ્ટ કાર્યયોજના બનાવવી.
- માતા-પિતા / વાલીઓને તેમના બાળકના શિક્ષણમાં સામેલ રહેવા માટે પ્રોત્સાહિત કરવા.
- જરૂરિયાત મુજબ વ્યક્તિગત માતાપિતા / વાલીઓ સાથે ફોલો-અપ મિટિંગનું આયોજન કરવું.
- આ સાથે આપેલા નમૂના મુજબ પ્રત્યેક સમૂહ / ધોરણવાર મિટિંગના અહેવાલ શાળા કક્ષાએ નિભાવવાના રહેશે.

વાલી-શિક્ષક મિટિંગ અહેવાલ

શાળાનું નામ : ______________________________ DISE કોડ : ___________

જિલ્લો : ____________________________________ તાલુકો : ____________

મિટિંગની તારીખ : _____________ સમય : ___________ ધોરણ : ____________

આયોજક આચાર્ય / શિક્ષકનું નામ : _____________________________________

ક્રમ	વિદ્યાર્થીનું નામ	હાજર/ઉપસ્થિત રહેનાર વાલીનું નામ	સહી

મિટિંગના એજન્ડા

____

____

____

ચર્ચાયેલા મુદ્દાઓ

____

____

____

પ્રાપ્ત થયેલા સૂચનો

____

____

____

સુધારણા માટે કાર્યયોજના

____

____

____

શિક્ષકની સહી : _____________ આચાર્યશ્રીની સહી : _____________

પ્રાકૃતિક ખેતી (ઓર્ગેનિક ફાર્મિંગ) પ્રોજેક્ટ

માર્ગદર્શિકા

माताभूमिः पुत्रों अहम् पृथिव्या। (अथर्ववेद)

શાલેય શિક્ષણમાં પર્યાવરણ વિષયક વિવિધ બાબતોને અભ્યાસક્રમનાં માધ્યમે મુકીને વિદ્યાર્થીઓને જીવનની શરૂઆતમાં પર્યાવરણ વિશે જાગૃતિ ઉત્પન્ન થાય તે માટેનો પ્રયાસ કરવામાં આવે છે. ગુજરાત રાજ્યના શિક્ષણના માળખામાં પણ પર્યાવરણ વિષયને સહાયક કાર્ય થઈ રહ્યું છે. પાઠ્યપુસ્તક આધારિત પ્રવૃત્તિઓ, ઈકો કલબ, કિચન ગાર્ડન, વૃક્ષારોપણ, પર્યાવરણ પ્રયોગશાળા અને અન્ય બાબતોથી વિદ્યાર્થીઓને શાળાના માધ્યમે જાગૃત કરવાનો નવાચારી પ્રયાસ થઈ રહ્યો છે.

શાળામાં પ્રાકૃતિક ખેતી વિશે પ્રાથમિક સમજ આપવા, બાળકોને કુદરત અને બગીચા સાથે પ્રાથમિક અનુભવ આપવા, તાજી ઉગાડવામાં આવતી શાકભાજીના સેવનથી કુપોષણ અને સૂક્ષ્મ પોષક તત્ત્વોની ખામીઓને દૂર કરવામાં મદદરૂપ થવા તેમજ શાકભાજીના પોષક પાસાઓ અને રાસાયણિક ખાતર હાનિકારક અસરો અંગે બાળકોના જ્ઞાનમાં વધારો કરવા શાળા કક્ષાએ પ્રાકૃતિક ખેતી (ઓર્ગેનિક ફાર્મિંગ) પ્રોજેક્ટનું અમલીકરણ કરવાનું નિયત કરવામાં આવેલ છે. જે અન્વયે શાળા કક્ષાએ પ્રાકૃતિક ખેતી (ઓર્ગેનિક ફાર્મિંગ) પ્રોજેક્ટનાં અમલીકરણ સંદર્ભે નીચેના મહત્ત્વના મુદ્દાઓ અનુસરીને પ્રોજેક્ટનું અમલીકરણ કરવાનું રહેશે. શાળાઓમાં 'ઓર્ગેનિક ફાર્મિંગ' કરવા માટે પ્રત્યેક PMSHRI શાળાને આપવામાં આવેલ ₹ 10,000 ની ગ્રાન્ટના ઉપયોગ માટે નીચેની બાબતોને ધ્યાને લેવાની રહેશે.

ઓર્ગેનિક ફાર્મિંગ પ્રકલ્પના હેતુ

- રાજ્યની શાળાઓમાં ઓર્ગેનિક ફાર્મિંગ / પ્રાકૃતિક ખેતી અભિગમનું સ્થાપન કરવું.
- શાળાઓમાં ઓર્ગેનિક ફાર્મિંગની પ્રવૃત્તિઓ કરવી.
- નિર્માણ થયેલી પ્રવૃત્તિઓ અને કાર્યોનું વિહંગાવલોકન કરવું.
- ઓર્ગેનિક ફાર્મિંગના વિવિધ ક્ષેત્રોનું નિદર્શન કરવું.
- સમગ્ર શિક્ષા દ્વારા અમલીકૃત ઓર્ગેનિક ફાર્મિંગ પ્રકલ્પનો વ્યાપ વિસ્તાર કરવો.
- ઓર્ગેનિક ફાર્મિંગનાં રાજ્યવ્યાપી નમૂનામાં પ્રતિભાવ પ્રાપ્તિ દ્વારા પરિવર્તન અને નવાચારનું સંકલન કરવું.
- પર્યાવરણ જાગૃતિ અંતર્ગત ઓર્ગેનિક ફાર્મિંગના પ્રચાર પ્રસારનો પ્રયાસ કરવો.

પ્રોજેક્ટ માટે અનુરૂપ જગ્યાની પસંદગી અને તૈયારી

- શક્ય એટલી સમતળ જમીન પસંદ કરવી.
- ઓર્ગેનિક ફાર્મિંગ માટે પસંદ કરેલા જગ્યાનો કયા પ્રકારનો ઉપયોગ કરી શકાય તે અંગે શાળાના દરેક વિદ્યાર્થીઓને માહિતગાર કરવાં.
- પાક ફરતે દીવાલો કરવી. પથ્થરો / ફેન્સીંગ વોલ કરી શકાય.
- મુખ્ય ઘટકો જેવા કે ખાતરના ઢગલા, પ્લાન્ટ નર્સરી, પાકમાં અવર-જવર માટેના રસ્તા, જરૂર હોય ત્યાં પાકના શેડ તૈયાર કરવા.
- ઓર્ગેનીક ફાર્મિંગ માટે પસંદ કરેલ જગ્યાના કારણે શાળાના પરિસરને, શાળાના મકાનને, શાળા દીવાલને, સ્પેશીયલ બાળકો (CWSN) સહિત દરેકને શાળામાં અવર-જવર દરમિયાન અંતરાય કે અવરોધરૂપ ન બને તેની કાળજી લેવી અને તે પ્રકારે જ ઓર્ગેનિક ફાર્મિંગનું આયોજન કરવું.
- પાક ફરતે દીવાલ બનાવવી તેમજ જગ્યા સમતળ કરવા બાબતની કામગીરી કરવી.
- શાળામાં પૂરતી જગ્યા ન હોય તેવા સંજોગોમાં કુંડા, ટેરેસ અને પરિસરમાં બોક્ષ કે હેન્ગિંગ કલ્ચર નિર્માણ કરી ઓર્ગેનિક ફાર્મિંગ કરી શકાય.

પ્રાકૃતિક / ઓર્ગેનિક ખાતર

- પ્રાકૃતિક / ઓર્ગેનિક ખેતી માટેનો સૌથી મોટો ઘટક રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓની જગ્યાએ સેન્દ્રીય ખાતર, છાણિયું ખાતર, અળસીયાનું ખાતર, વર્મી કમ્પોસ્ટ વગેરેનો ઉપયોગ છે.
- પાંદડા, ઘાંસ, વધેલો ખોરાક વગેરેનો અને અન્ય જરૂરી સામગ્રીનો ઉપયોગ કરી સેન્દ્રિય ખાતર તૈયાર કરવાનું રહેશે.
- ઉપરોક્ત ખાતર / અર્ક / સ્પ્રે તૈયાર કરવાની પ્રક્રિયામાં બાળકોને પણ સાથે રાખવાના રહેશે અને તેઓને સંપૂર્ણ પદ્ધતિથી વાકેફ કરવાના રહેશે.

પર્યાવરણ પ્રયોગશાળા

શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની તમામ પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓમાં પ્રવૃત્તિ આધારિત શિક્ષણ દ્વારા પર્યાવરણ શિક્ષણને અસરકારક બનાવવા "પર્યાવરણ પ્રયોગશાળા" શરૂ કરવામાં આવી છે. શિક્ષણ વિભાગ દ્વારા તા.01 / 10 / 2019ના ઠરાવ ક્રમાંક : સશઅ / 1019 / સિં.ફા.-27 / ન થી આ અંગેની વિગતવાર સૂચનાઓ આપવામાં આવેલ છે. શાળા ઠરાવની સૂચનાઓ મુજબ જરૂરી અમલીકરણ કરવાનું રહેશે.

જળ સંચય

- વરસાદી પાણીના સંગ્રહ માટે ઉપયોગમાં લેવાતી પદ્ધતિ એટલે Rain water harvesting.
- વરસાદી પાણીને કુદરતી ખાડાઓ કરીને કે કૃત્રિમ ટાંકીમાં એકત્રિત કરી શાળા કક્ષાએ સંગ્રહ કરીને તેનો ઉપયોગ કરી શકાય.
- આ ઉપરાંત શાળામાં અન્ય કાર્યમાં ઉપયોગમાં લેવામાં આવતા પાણીનો બચાવ કરી તેનો Reuse (પુનઃ ઉપયોગ) કરી શકાય.
- મધ્યાહન ભોજન દરમિયાન વપરાયેલ પાણીનો પણ ઉપયોગ કરી શકાય.

ટપક સિંચાઈ પદ્ધતિ

- ટપક સિંચાઈ પદ્ધતિ હેઠળ ટીપાં-ટીપાં દ્વારા પાણીનું પાકના મૂળમાં વહન કરવામાં આવે છે.
- આ પદ્ધતિ હેઠળ વાલ્વ, પાઈપો, ટ્યુબિંગ અને ઉત્સર્જકોના નેટવર્ક દ્વારા પાણીનું વિતરણ કરે છે.
- કૃષિ / બાગાયત વિભાગ તેમજ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના ટેકનીકલ સપોર્ટથી શાળામાં ટપક સિંચાઈ શરૂ કરી શકાય.
- ટપક સિંચાઈ પદ્ધતિ દ્વારા વિદ્યાર્થીઓ વર્ષ દરમિયાન પાક માટે કેટલા પાણીની જરૂરિયાત રહે છે અને પાણીનો કેટલો બચાવ કરવો પડે તેનું જ્ઞાન મેળવી શકે છે.
- પાણીનો સારો પુરવઠો, પાક ક્યારે રોપવો અને ક્યારે લણવો તે નક્કી કરવાની તક પૂરી પાડવાની હોઈ, જો પાણીના પુરવઠાની અછત હોય / પાણીનો પુરવઠો મેળવવો ખર્ચાળ હોય તો ટપક સિંચાઈનો ઉપયોગ કરી શકાય. સાથે સાથે પાકને 8 કલાક જેટલો સૂર્યપ્રકાશ મળી રહે તે પણ સુનિશ્ચિત કરી શકાય.

આયોજન અને દેખરેખ

- વન વિભાગ પાસેથી વિવિધ રોપાઓ મેળવવા સહકાર મેળવી શકાય.
- શાળા કક્ષાએ શૈક્ષણિક સમય બાદ અઠવાડિક બે દિવસ 1 કલાકની અનુકૂળતાએ વિદ્યાર્થીઓની સ્વૈછિક ઈચ્છાથી જોડીમાં સદર કામગીરી હાથ ધરવાની રહેશે.
- અલગ - અલગ પાક માટે વર્ગ દીઠ / ટીમનું આયોજન કરીને ટીમોનું પ્રભાવિત નામાભિકરણ કરી (દા.ત. બિયારણ ટીમ, ખાતર ટીમ, જળસ્ત્રોત ટીમ વગેરે) વિદ્યાર્થીઓને સોંપવામાં આવેલ કામ નિયત સમયમર્યાદામાં એકબીજાના સંપર્કમાં રહીને પૂર્ણ કરવાના રહેશે.
- સીઝન પ્રમાણે પાકની ખેતીનું આયોજન કરી પાક ક્યારે વાવવો, કેટલા સમયમાં અંદાજે પાક તૈયાર થઈ શકે, પાક માટે અંદાજે કેટલા ખાતર અને પાણીની જરૂરિયાત રહેશે જેવી તમામ બાબતોનું આયોજન કરીને ટીમમાં રહેલ વિદ્યાર્થીઓએ શાળામાં રોજ 5 મિનિટ પાકની મુલાકાત લઈને પાકમાં થયેલ પ્રગતિની નોંધ અઠવાડિક કરવાની રહેશે.
- વિદ્યાર્થીઓએ શિક્ષકના સંપર્કમાં રહીને SMC / SMDC સભ્યો સાથે પાકને નુકસાન કરતા પક્ષીઓ, પ્રાણીઓ અને જીવજંતુઓથી સુરક્ષિત રાખવાના સલાહ સૂચનોની ચર્ચા કરવાની રહેશે.

- કૃષિ વિજ્ઞાન કેન્દ્રનો સંપર્ક સાધીને જરૂરી સાધનો મેળવવા મદદ મેળવી શકાય.
- ઓર્ગેનિક ફાર્મિંગ અંતર્ગતના વાવેતર માટે શાળાને સંપૂર્ણ છૂટ આપવામાં આવે છે. જે છોડ શાળાની નજીક, ગામમાં કે નર્સરીમાં સહેલાઈથી મળી શકતાં હોય, તે શાળા પોતાની પસંદગી અને જરૂરિયાત મુજબ સુશોભન, ફળાઉ, છાયા માટેના ઘટાદાર કે અન્ય છોડ પસંદ કરી વાવી શકે.
- ભારતીય કૃષિ સંશોધન પરિષદ હેઠળ કાર્યરત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર આ અંગે મહત્વનો ભાગ ભજવી શકે છે. તેઓ ટેક્નીકલ સપોર્ટ, મફત બિયારણ, રોપા, જૈવિક ખાતર તેમજ કૃષિ ક્ષેત્રે જરૂરી તાલીમમાં મહત્વનો ફાળો પ્રદાન કરે છે. જેનો મહત્તમ લાભ લઈ શકાય.

બાળકોની સલામતી

પ્રવૃત્તિઓ દરમિયાન વિદ્યાર્થીઓની સલામતી સુનિશ્ચિત કરવાની જવાબદારી આચાર્યની તેમજ શિક્ષકોની રહેશે. જેમાં મહત્વની બાબતો નીચે મુજબ દર્શાવેલ છે.

- વિદ્યાર્થીઓની વયકક્ષા મુજબ યોગ્ય ટુલ્સ / સાધન પસંદ કરવા.
- ખાતર અને છંટકાવ માટેના સ્પ્રે વિદ્યાર્થીઓથી દૂર રાખવા.
- કોઈપણ કેમિકલનો ઉપયોગ ટાળવો.
- ખેતીના સાધનો માટે સલામત સ્ટોરેજ જગ્યા રાખવી.
- વધુ પડતા તાપમાનથી દૂર રહેવું.
- નાના બાળકોની આજુબાજુ પાણી ભરેલ બકેટ રાખવા નહીં.
- ઓછા વજન, સરળતાથી ઊંચકી શકાય તેવા યોગ્ય સાધનો અને ઓજારોનો ઉપયોગ કરવો.
- તમામ ઈલેક્ટ્રિક સાધનો અંગે ચુસ્ત સલામતી જાળવવી.

શાળામાં ગાર્ડન પ્રવૃતિઓ માટે બાળકોને પ્રોત્સાહિત કરવા

- બાળકોને સ્વૈછિક રીતે આવી પ્રવૃત્તિઓ કરવા પ્રેરવા.
- બાળકોને નાના - નાના કન્ટેઈનર દ્વારા તેમના ગાર્ડન માટે આગવી જગ્યા આપવી.

- મોટા બાળકોને ગાર્ડનના પ્લાનિંગ અને ડીઝાઈન માટે સામેલ કરવા.
- ગાર્ડનમાં ખાડા ખોદવા માટે બાળકોને પ્રોત્સાહિત કરવા.
- બાળકોને ગમે તેવા ફૂલ છોડનું વાવેતર.
- પક્ષીઓ માટે પાણીના સુંદર કુંડાની વ્યવસ્થા.
- સુંદર ગાર્ડનના આયોજન માટે સ્થાનિક મોટા બગીચાઓ તેમજ વનસ્પતિ ગાર્ડનની મુલાકાત લઈને નવા વિચારોને ગાર્ડન બનાવવા ઉપયોગમાં લેવા.

ઓર્ગેનિક ફાર્મિંગ પ્રકલ્પ નિર્માણની ફલશ્રુતિ

- વિદ્યાર્થીના જીવનમાં આરોગ્ય, તંદુરસ્તી, સ્વસ્થતા, પ્રાકૃતિક ખેતી-કૃષિની સંકલ્પનાનું નિર્માણ થાય.
- વિદ્યાર્થીઓને ઓર્ગેનિક ફાર્મિંગના ક્ષેત્રો સંદર્ભે વિશેષ જાણકારી (માહિતી) પ્રાપ્ત થાય.
- શાળામાં અમલીકૃત ઓર્ગેનિક ફાર્મિંગના માધ્યમથી સમાજમાં પર્યાવરણ સંવર્ધન માટેનું વલણ નિર્માણ થાય.
- ઓર્ગેનિક ફાર્મિંગ અંતર્ગત કુદરતી ખેતી માટેનું સશક્ત અને કુશળતાભર્યું વાતાવરણ નિર્માણ થાય.
- ઓર્ગેનિક ફાર્મિંગના કાર્યમાં શાળાની સહભાગિતા વધે.

રાષ્ટ્રીય આવિષ્કાર અભિયાન
ગણિત / વિજ્ઞાન કિટ

માર્ગદર્શિકા

રાષ્ટ્રીય આવિષ્કાર અભિયાન (RAA) અંતર્ગત PM SHRI શાળાઓ માટે PAB (2025-26) અંતર્ગત મંજૂર થેયલા બજેટરમાં સરકારી ઉચ્ચ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં ગણિત / વિજ્ઞાનની કિટ વસાવવા માટે નીચે મુજબ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

	શાળા	વાર્ષિક ગ્રાન્ટ (પ્રતિ શાળા)
ગણિત કિટ	ઉચ્ચ પ્રાથમિક શાળાઓ	₹ 10,000
ગણિત કિટ	માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાઓ	₹ 10,000
વિજ્ઞાન કિટ	ઉચ્ચ પ્રાથમિક શાળાઓ	₹ 10,000
વિજ્ઞાન કિટ	માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાઓ	₹ 10,000

હેતુઓ

- વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અને ગાણિતિક અભિગમ કેળવાય.
- ગણિત-વિજ્ઞાન વિષયમાં રસ-રૂચિ વધે.
- સર્જનાત્મકતાનો વિકાસ થાય.

- શાળાઓમાં વિદ્યાર્થીઓ વધુમાં વધુ પ્રયોગો અને પ્રવૃત્તિઓ જાતે કરવાની તક મળે.
- વૈજ્ઞાનિક સિદ્ધાંતો અને ગાણિતિક સંકલ્પના સ્પષ્ટ થાય.
- શાળાઓમાં વિજ્ઞાન-ગણિત વિષયના શિક્ષણને પ્રવૃત્તિમય અને રસપ્રદ બનાવવું .

ગ્રાન્ટ વપરાશ અંગે

- આ માર્ગદર્શિકા સાથે ગણિત-વિજ્ઞાનના સાધન-સામગ્રીની સૂચક યાદી આપેલ છે. તે ઉપરાંત શાળાની સ્થાનિક જરૂરિયાતને આધારે સાધન સામગ્રી વસાવવાની રહેશે. અહીં યાદી માત્ર સૂચક તરીકે આપેલ છે એટલે એ જ વસાવવા તે સાધન અપેક્ષિત નથી.
- અહીં આપેલી ગણિત-વિજ્ઞાનની સાધન-સામગ્રીની સૂચક યાદી સિવાય ગણિત -વિજ્ઞાનના પ્રયોગ / પ્રવૃત્તિ / પ્રોજેક્ટ કરવા માટે જરૂરી હોય તેવા ગણિત-વિજ્ઞાન મંડળના સભ્યોની ભલામણથી પ્રવર્તમાન નાણાંકીય ખર્ચ નિયમાનુસાર ખર્ચ કરવાનો રહેશે.
- આ ગ્રાન્ટમાંથી ગણિત-વિજ્ઞાન આધારિત ચાર્ટ, મોડેલ વગેરે ખરીદી શકાય તથા શૈક્ષણિક રમકડાં / TLM બનાવી શકાય.
- પ્રયોગ કરવા માટેની સેફટી-કિટ /સેફટી-ટુલ્સ વસાવી શકાશે.
- શાળા પોતાની પ્રયોગશાળા માટે અલાયદા ફાયર સેફટી કિટ / ટુલ્સ વસાવી શકાશે.
- શાળામાં આપેલ કેમિકલ / રસાયણો વપરાશને ધ્યાને લઈ વસાવી શકાશે.
- PM SHRI શાળાઓમાં STEM LAB પણ ઉપલબ્ધ છે. જે અંગે લેબમાં કોઈ સાધન ક્ષતિયુક્ત થયેલ હોય તો તે સાધન પુનઃખરીદી શકાશે.
- શાળાને જરૂરિયાત મુજબના ગણિત-વિજ્ઞાન વિષયને અનુરૂપ શૈક્ષણિક સાધનો-ટીચિંગ લર્નિંગ મટીરીયલની ખરીદી કરી શકાશે.
- શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા અને વયકક્ષાના આધારે સાધન સામગ્રી વસાવવી.
- ગણિત-વિજ્ઞાન વિષયના પ્રાયોગિક કાર્ય અને પ્રવૃત્તિ કાર્ય માટેની સદર ગ્રાન્ટનો ઉપયોગ કરવાનો રહેશે. આ ગ્રાન્ટનો અન્ય કોઈ હેતુ / વિષય માટે ખર્ચ કરી શકાશે નહીં.
- ગણિત-વિજ્ઞાનના સાધનોની ખરીદીના થયેલ ખર્ચ, બીલો અને વાઉચર વગેરે શાળા કક્ષાએ નિભાવવાના રહેશે.
- ખરીદી કરવા માટે ગુજરાત સરકારશ્રી તથા સમગ્ર શિક્ષાના પ્રવર્તમાન ખરીદીના નિયમો અને મર્યાદાને ધ્યાને લઈ ખરીદી કરવાની રહેશે.

ગણિતના સાધનોની સૂચક યાદી

No.	Name of Items	No.	Name of Items
1.	180° Measuring Protectors	21.	Glue
2.	360° Measuring Protectors	22.	Scissors Big Size
3.	Aluminium Ruler	23.	Simple CD
4.	Big Blue Dice	24.	Simple Plastic Straw
5.	Big Green Dice	25.	SQUARELINE PAPER
6.	Big Red Dice	26.	Thermocol Ball
7.	Double Counters	27.	Thick Thread
8.	Plastic Balls	28.	U Pin
9.	Plastic Buttons Blue (Counters)	29.	Playing Cards
10.	Ruler with 4 Holes	30.	GEO Board
11.	Blue Colour Dice	31.	Geometry Box for Teacher
12.	Board Pin	32.	Rubber Band
13.	Double sided Tape	33.	Soft Board
14.	Eva Sheet	34.	Drawing Board
15.	Matchbox	35.	Algebra Formula Chart
16.	Measuring Tape	36.	Mathematician Chart
17.	Paper Cup	37.	Tower of Brahma Puzzles
18.	Paper Pin	38.	Probability Kit
19.	Safety Pin (Big size)	39.	Tangram Kit
20.	Push Pin	40.	Graph Paper

વિજ્ઞાનના સાધનોની સૂચક યાદી

No.	Name of Items	No.	Name of Items
1.	Beaker 100 ml	23.	DUSTBIN - BLUE
2.	Beaker 250 ml	24.	DUSTBIN - GREEN
3.	Beaker Glass, 50 ml	25.	Electric Motor (small) with Micro-USB Holder
4.	Beaker Glass, 100 ml		
5.	Bar Magnet	26.	Electric Switch
6.	Cylindrical Magnets	27.	Electric Tester
7.	Horse Shoe Magnets	28.	Electric Wire
8.	Magnetic Compass	29.	Eva Sheet
9.	Ring Magnet	30.	Filter Papers (large)
10.	Test Tube Cleaning Brush	31.	Hot Glue Gun (with 10 Glue Sticks)
11.	Test Tube Holder	32.	Iron Filings
12.	9 Volt Battery with Cap (connector)	33.	Iron Nail
13.	Candle Big	34.	LED (Red, Green, Blue, Yellow, White)
14.	Carbon Paper	35.	LED Torch
15.	Clinical Thermometer	36.	Measuring Tape
16.	Concave Lens	37.	Sand Clock
17.	Concave Mirror	38.	Slides
18.	Conical Flask with Cork	39.	Playing Cards
19.	Convex Lens	40.	Gear Motor
20.	Cover Slip for Slides	41.	Battery Holder for 2 / 3 AA Battery
21.	Double Sided Tape	42.	LASER Pointer (good quality)
22.	Dropper Big	43.	Baking Soda

No.	Name of Items	No.	Name of Items
44.	Caustic Soda	64.	Zink Sulphate
45.	Copper Sulphate	65.	Watch Glass
46.	Dilute H2SO4 Solution	66.	Tourch Bulb
47.	Dilute HCL Solution	67.	PH Paper
48.	Iron Sulphate	68.	Safety Kit for Lab
49.	Lime Stone	69.	Magnesium Ribbon
50.	Methylene Blue	70.	Syringe 10 ml
51.	NaOH Crystal	71.	Soft Board
52.	Phenolphthalein Liquid	72.	Dissection box
53.	Potash Alum	73.	Oximeter
54.	Potassium Permanganate Powder	74.	Stethoscope
55.	Red Ink	75.	Test Tube-borosilicate
56.	Safranin	76.	Tds Meter
57.	Sulphur Powder	77.	Mobil Stove with Fuel Cubes
58.	Tincture Iodine	78.	Chart Paper
59.	Universal Indicator	79.	Drawing Board
60.	Vinegar	80.	Magnetic Compass
61.	Yeast Powder	81.	Scientist Chart
62.	Zinc Crystal	82.	Morden Periodic Table Chart
63.	Honey	83.	Electric Components Photos Chart

No.	Name of Items	No.	Name of Items
84.	Animal Cell (Fibre Model)	88.	Human Heart Fibre Model
85.	DNA Model	89.	Kaleidoscope
86.	EAR Fiber Model	90.	Telescope
87.	Eye Fibre Model	91.	Gear box (do it yourself kit)

રોબોટિક અને એન્જિનીયરિંગ કિટ
(21th Century Skills)

માર્ગદર્શિકા

રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 માં સૂચવ્યા મુજબ વિદ્યાર્થીઓને રોબોટિક અને એન્જિનીયરિંગ સાધનોના ઉપયોગથી અનુભવજન્ય શિક્ષણ પ્રાપ્ત થાય તેમજ STEM શિક્ષણમાં બાળકો પરસ્પર સહકારથી સાયન્સ, ટેક્નોલોજી, એન્જિનીયરિંગ અને મેથ્સના પ્રાયોગિક કાર્યમાં જોડાઈ વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ કેળવી પોતાની આસપાસના વાતાવરણમાંથી STEMના ખ્યાલોને સમજવાનો પ્રયાસ કરે તે અપેક્ષા છે.

ભારત સરકારના શિક્ષા મંત્રાલયની કમિટી દ્વારા PM SHRI Scheme અંતર્ગત ફેઝ - 1 માં ગુજરાત રાજ્યમાંથી કુલ 236 પ્રાથમિક અને 38 માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓ એમ કુલ 274 શાળાઓ PM SHRI યોજનામાં આવરી લેવામાં આવી છે. PM SHRI યોજના અંતર્ગત વર્ષ 2025-26 માટે રાજ્યની માત્ર ફેઝ - 1 માં પસંદ થયેલી 274 શાળાઓમાં મુખ્ય હેડ પ્રોજેક્ટ ઈનોવેશનમાં રોબોટિક અને એન્જિનીયરિંગ કિટ વસાવવા માટે કોષ્ટક મુજબ બજેટ મંજૂર થયેલ છે. (ફેઝ-2 ની PM SHRI શાળાઓમાં ગત વર્ષે આ કિટ માટે બજેટ ફાળવવામાં આવેલ હતું.)

	શાળા	ફેઝ - 1 ની PM SHRI શાળાની સંખ્યા	કિટની સંખ્યા	વાર્ષિક ગ્રાન્ટ (પ્રતિ શાળા)
રોબોટિક અને એન્જિનીયરિંગ કિટ	પ્રાથમિક શાળાઓ (ધોરણ 1 થી 5, ધોરણ 1 થી 8 અને ધોરણ 6 થી 8 ની શાળાઓ)	236	1	₹ 10,000/-

	શાળા	ફેઝ - 1 ની PM SHRI શાળાની સંખ્યા	કિટની સંખ્યા	વાર્ષિક ગ્રાન્ટ (પ્રતિ શાળા)
રોબોટિક અને એન્જિનીયરિંગ કિટ	માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (ધોરણ 1 થી 12, ધોરણ 6 થી 12 ધોરણ 1 થી 10 અને ધોરણ 6 થી 10 ની શાળાઓ)	38	2 (1 કિટ પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક ધોરણો માટે અને 1 કિટ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક ધોરણો માટે)	₹ 10,000/- + ₹ 10,000/- = ₹ 20,000/-

હેતુઓ

- વિદ્યાર્થીઓમાં સ્ટેમ (વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનીયરિંગ અને મેથેમેટિક્સ) જેવા વિષયમાં રસ-રૂચિ વધે.
- વિદ્યાર્થીઓમાં રોબોટિક્સ અને ઈજનેરી સાધનોના ઉપયોગ દ્વારા વૈજ્ઞાનિક રીતે સમસ્યાનું નિરાકરણ, વિવેચનાત્મક વિચારસરણી અને નવીન શોધોને પ્રોત્સાહિત કરીને જાતે કરવાની તક મળે.
- અભ્યાસક્રમમાં રોબોટિક્સ અને એન્જિનીયરિંગ કિટનો ઉપયોગ કરીને સૈદ્ધાંતિક જ્ઞાન અને પ્રાયોગિક ઉપયોગનો ખ્યાલ મેળવે.
- વિદ્યાર્થીઓ ટેકનોલોજી અને એન્જિનીયરિંગ ક્ષેત્રોમાં ભવિષ્યની કારકિર્દી માટે જરૂરી કૌશલ્યો વિકસાવી શકે.
- વિદ્યાર્થીઓને વૈજ્ઞાનિક સિદ્ધાંતો, ગાણિતિક સંકલ્પના અને સર્જનાત્મકતા વિકસાવવા સક્ષમ બનાવવા.
- વિદ્યાર્થીઓ વિજ્ઞાન અને તક્નીકીના ખ્યાલો વિશે ઊંડી સમજ મેળવે.
- શાળાઓમાં વિજ્ઞાન-ગણિત વિષયમાં નવીન ટેકનોલોજીનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ વધુમાં વધુ પ્રયોગો અને પ્રવૃત્તિઓ જાતે કરી શકે.

ગ્રાન્ટ વપરાશ અંગે

- આ માર્ગદર્શિકા સાથે રોબોટિક્સ અને એન્જિનિયરિંગ કિટના સાધન-સામગ્રીની સૂચક યાદી આપેલ છે. તે ઉપરાંત શાળાની સ્થાનિક જરૂરિયાતને આધારે સાધન સામગ્રી વસાવવાની રહેશે.

- અહીં આપેલી રોબોટિક્સ અને એન્જિનિયરિંગ કિટના સાધન સામગ્રીની સૂચક યાદી સિવાય રોબોટિક્સ અને એન્જિનિયરિંગના પ્રયોગ / પ્રવૃત્તિ / પ્રોજેક્ટ કરવા માટે જરૂરી હોય તેવા ગણિત - વિજ્ઞાન મંડળના સભ્યોની ભલામણથી પ્રવર્તમાન નાણાંકીય ખર્ચ નિયમાનુસાર ખર્ચ કરવાનો રહેશે.
- આ ગ્રાન્ટમાંથી રોબોટિક્સ અને એન્જિનિયરિંગ આધારિત ચાર્ટ,મોડેલ વગેરે ખરીદી શકાય તથા શૈક્ષણિક રમકડાં TLM બનાવી શકાય.
- શાળાને જરૂરિયાત મુજબના રોબોટિક્સ અને એન્જિનિયરિંગ વિષયને અનુરૂપ શૈક્ષણિક સાધનો-ટીચિંગ લર્નિંગ મટીરિયલની ખરીદી કરી શકાશે.
- શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા અને વયકક્ષાના આધારે સાધન-સામગ્રી વસાવવી.
- રોબોટિક્સ અને એન્જિનિયરિંગના પ્રાયોગિક કાર્ય અને પ્રવૃત્તિ કાર્ય માટેની સદર ગ્રાન્ટનો ઉપયોગ કરવાનો રહેશે. આ ગ્રાન્ટનો અન્ય કોઈ હેતુ / વિષય માટે ખર્ચ કરી શકાશે નહીં.
- રોબોટિક્સ અને એન્જિનિયરિંગ કિટના સાધનોની ખરીદીના થયેલ ખર્ચ, બીલો અને વાઉચર વગેરે શાળા કક્ષાએ નિભાવવાના રહેશે.
- ખરીદી કરવા માટે ગુજરાત સરકારશ્રી તથા સમગ્ર શિક્ષાના પ્રવર્તમાન ખરીદીના નિયમો અને મર્યાદાને ધ્યાને લઈ ખરીદી કરવાની રહેશે.

ધોરણ 1 થી 8 માટે સૂચક યાદી

No.	Name of Items	No.	Name of Items
1.	Bread board 400 pin	17.	Capacitor electrolytic 1000uf
2.	LED - different colours	18.	Capacitor electrolytic 470uf
3.	PCB mount on / off switch	19.	Resistor box (diff. types resistor)
4.	Symbols used for electric and electronic component (Chart)	20.	Transistor BC 548
		21.	IC 555
5.	on / off switch	22.	8 pin IC socket
6.	9v battery	23.	General purpose PCB 4 x 6
7.	Soldering iron kit (solder, solder wire, Soldering stand, desolder pump, soldering wax)	24.	RGB LED
		25.	7 Segment LED
8.	Battery cap / snapper	26.	2 WHEEL DRIVE robotic car
9.	Arduino Nano with cable	27.	DPDT switch
10.	IR sensor module	28.	Connecting wire M-M (40 - 1set)
11.	LDR sensor module	29.	Connecting wire M-F
12.	Submersible pump 6v	30.	Connecting wires F -F
13.	Ultrasonic sensor module	31.	Screw driver plus and minus
14.	1 channel relay module	32.	Electronic components photos (Chart)
15.	3D pen	33.	Humanoid Robot (Chart)
16.	Capacitor electrolytic 1500uf	34.	Wheel

No.	Name of Items	No.	Name of Items
35.	10 Piece Ring Imperial Allen Hex key Set	54.	DC Motor
36.	12 piece combination Spanner Set	55.	De-Soldering pump, Soldering Flux B4 (Paste), DE-soldering Copper Braid
37.	16 x 2 LCD display		
38.	500W air Blower	56.	Digital Multi Meter with clamp
39.	Adjustable Universal Multi Wrench Spanner	57.	Digital pen electric tester
		58.	Drill bit set
40.	6 Piece Precision Screw Driver Set	59.	External Straight Plier
41.	7 Segment Led Display	60.	Extra hacksaw blades
42.	8 x 8 LED Matrix Module	61.	Flex Sensor
43.	Active Buzzer	62.	Foldable microscope
44.	Arduino Mega	63.	Force Pressure Sensor
45.	Arduino UNO	64.	General Purpose Board
46.	Ball Pen Hammer	65.	Glue Stick
47.	Battery cap	66.	Hammer Drill
48.	Bent nose plier	67.	Hot glue gun (With 10 Glue Sticks.)
49.	Bluetooth	68.	IR Sensors Object follower
50.	Capacitor Kit	69.	IR Sensors Obstacle avoider sensor
51.	Chassis	70.	Jackley Multipurpose Screwdriver
52.	Colour Recognition Sensor	71.	Jumper cable
53.	Combination Mini Plier	72.	Junior 254mm Hacksaw

No.	Name of Items	No.	Name of Items
73.	Keypad	93.	Tweezer Set
74.	LDR Module	94.	Ultrasonic Sensor Module HC-SR-04
75.	LEDS	95.	USB Cables
76.	Long Nose Plier	96.	Water Flow Sensor
77.	Metal Clamp	97.	Wire stripping pliers
78.	Metal touch sensor module	98.	Robotics DIY Kit
79.	Motor driver module	99.	Mechanical (Modular) Construction kit
80.	Motor	100.	Drone Kit
81.	Needle nose pliers	101.	Automobile Kit
82.	Nose Circlip Plier	102.	Servo motors
83.	Rain Drop Sensor	103.	Mini piezo buzzer
84.	Resistor Kit	104.	Buzzer
85.	Return measuring tape	105.	Submercible pump
86.	Soil Moisture Sensor	106.	Caster wheel
87.	Sound Sensor		
88.	Spirit level		
89.	Steel Shaft Claw Hammer		
90.	Temperature and Humidity Sensor		
91.	Temperature Sensor		
92.	Touch Sensor		

ધોરણ 9 થી 12 માટે સૂચક યાદી

No.	Name of Items	No.	Name of Items
1.	Soldering iron kit (Solder, solder wire, soldering stand, desolder pump, soldering wax)	18.	Intelligent Line Follower / Tracing Car Kit
		19.	8 x 8 dot matrix module
2.	Bread board 400 pin	20.	General purpose PCB 4 x 6
3.	LED different colours	21.	Electronic components photos (Chart)
4.	PCB mount on / off switch	22.	Humanoid Robot (Chart)
5.	on / off switch	23.	Symbols used for electric and electronic component (Chart)
6.	9V battery		
7.	Battery cap / snapper	24.	Wheel
8.	Arduino Nano with cable	25.	10 Piece Ring Imperial Allen Hex key Set
9.	Submersible pump 6v	26.	12 piece combination Spanner Set
10.	Ultrasonic sensor module	27.	16 x 2 LCD display
11.	1 channel relay module	28.	500W air Blower
12.	3D pen	29.	6 Piece Precision Screw Driver Set
13.	All in one sensor kit (37 in 1)	30.	7 Segment Led Display
14.	Resistor box (diff. types resistor)	31.	8 x 8 LED Matrix Module
15.	Connecting wire M-M (40 - 1 set)	32.	Active Buzzer
16.	Connecting wire M-F	33.	Adjustable Universal Multi Wrench Spanner
17.	Connecting wire F-F		

No.	Name of Items	No.	Name of Items
34.	Arduino Mega	53.	Force Pressure Sensor
35.	Arduino UNO	54.	General Purpose Board
36.	Ball Pen Hammer	55.	Glue Stick
37.	Battery cap	56.	Hammer Drill
38.	Bent nose plier	57.	Hot glue gun (with 10 Glue Sticks)
39.	Bluetooth	58.	IR Sensors Object follower
40.	Capacitor Kit	59.	IR Sensors Obstacle avoider sensor
41.	Chassis	60.	Jackley Multipurpose Screwdriver
42.	Colour Recognition Sensor	61.	Jumper cable
43.	Combination Mini Plier	62.	Junior 254 mm Hacksaw
44.	DC Motor	63.	Keypad
45.	De-Soldering pump, Soldering Flux B4(Paste), DE-soldering Copper Braid	64.	LDR Module
		65.	LEDs
46.	Digital Multi Meter with clamp	66.	Long Nose Plier
47.	Digital pen electric tester	67.	Metal Clamp
48.	Drill bit set	68.	Metal touch sensor module
49.	External Straight Plier	69.	Motor driver module
50.	Extra hacksaw blades	70.	Motor
51.	Flex Sensor	71.	Needle nose pliers
52.	Foldable microscope	72.	Nose Circlip Plier

No.	Name of Items	No.	Name of Items
73.	Rain Drop Sensor	85.	USB Cables
74.	Resistor Kit	86.	Water Flow Sensor
75.	Return measuring tape	87.	Wire stripping pliers
76.	Soil Moisture Sensor	88.	Robotics DIY Kit
77.	Sound Sensor	89.	Mechanical (Modular) Construction kit
78.	Spirit level	90.	Drone Kit
79.	Steel Shaft Claw Hammer	91.	Automobile Kit
80.	Temperature and Humidity Sensor	92.	Servo motors
81.	Temperature Sensor	93.	Mini piezo buzzer
82.	Touch Sensor	94.	Buzzer
83.	Tweezer Set	95.	Submercible pump
84.	Ultrasonic Sensor Module HC-SR-04	96.	Caster wheel

રંગોત્સવ

(વાર્ષિક દિન ઉજવણી - Annual Day Celebration)

માર્ગદર્શિકા

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020માં શાળા શિક્ષણ દરમિયાન વિદ્યાર્થીના બહુ આયામી વિકાસ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. આ માટે વિદ્યાર્થીમાં સાક્ષરી વિષયોના જ્ઞાન ઉપરાંત વિવધ કૌશલ્યો અને અભિવ્યક્તિ તથા કલા-રમત વગેરે વિષયોમાં પ્રતિભા શોધી તેને વિકસાવવા માટે આયોજનો હાથ ધરવા સૂચવવામાં આવ્યું છે. શાળા કક્ષાએ સમગ્ર વર્ષ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓ અને તહેવારોની ઉજવણીના આયોજન કરીને વિદ્યાર્થીઓમાં રહેલી પ્રતિભાને ખીલવવાના પ્રયાસ કરવામાં આવે છે.

આ પ્રયાસના ભાગ રૂપે વિદ્યાર્થીઓની પ્રતિભાને પ્રોત્સાહિત કરવા તથા સમગ્ર વર્ષ દરમિયાન શાળા દ્વારા પ્રાપ્ત કરવામાં આવેલી સિદ્ધિઓને સમાજ સમક્ષ રજૂ કરવાના હેતુસર પ્રત્યેક વર્ષે માર્ચ કે એપ્રિલ મહિનામાં શાળા કક્ષાએ "વાર્ષિક દિન-રંગોત્સવ" ઉજવવા માટે મુખ્ય હેડ Project Innovation (Recurring) ના પેટા હેડ Rangotsav હેઠળ પ્રત્યેક PM SHRI શાળા દીઠ ₹ 15,000/-(અંકે રૂપિયા પંદર હજાર)ની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.

રંગોત્સવ (વાર્ષિક દિન ઉજવણી - Annual Day Celebration) અમલ

- શાળામાં ચાલતા તમામ ધોરણોના વિદ્યાર્થીઓની સામેલગીરી રહે તે મુજબ આયોજન કરવું.
- શાળા કક્ષાએ ઓછામાં ઓછા બે કલાકનો સાંકૃતિક કાર્યક્રમ યોજવો.

- શાળાના આચાર્ય, SMC / SMDCના સભ્યો અને CRC કો. ઓર્ડિનેટરે શાળા પરિવારની સામેલગીરી સાથે અગાઉથી લેખિતમાં કાર્યક્રમની રૂપરેખા અને આયોજન તૈયાર કરવાનું રહેશે.
- કાર્યક્રમ માટે જરૂરી પૂર્વ તૈયારીઓ અને વિવિધ કામગીરી જુદી - જુદી ટીમ બનાવીને તેઓને સોંપવી.
- કાર્યક્રમ માટે કોઈ થીમ નક્કી કરીને તે મુજબ દરેક વર્ગની ઓછામાં ઓછી એક કૃતિ રજૂ થયા તેવું આયોજન હાથ ધરવું.
- કુમાર અને કન્યાઓને સપ્રમાણમાં તક આપવી.
- વિદ્યાર્થીઓના Performanceની સાથે શિક્ષકો તરફથી પણ Performance થાય તો વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધે આથી શિક્ષકોએ ઓછામાં ઓછી એક કૃતિ રજૂ કરવાની રહેશે.
- ઉદ્‌ઘોષક તરીકે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવા માટે અલગ-અલગ ધોરણના વિદ્યાર્થીઓને તૈયાર કરવા.
- પ્રત્યેક શિક્ષકને ઓછામાં ઓછી એક કૃતિ તૈયાર કરાવવાની જવાબદારી સોંપવી.
- શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો આ કાર્યક્રમમાં સહયોગ લેવો.
- તમામ વિદ્યાર્થીઓ, વાલીઓ અને SMC / SMDCના સભ્યોને રંગોત્સવના (વાર્ષિક દિન ઉજવણી - Annual Day Celebration) હેતુ, સ્થળ, તારીખ વગેરે વિશે અગાઉથી માહિતગાર કરવાના રહેશે.
- વિદ્યાર્થીઓ, વાલીઓ, SMC / SMDC ના સભ્યો, દાતાશ્રીઓ, ગામના આગેવાનો, તમામ ગ્રામજનો, આસપાસની શાળા વગેરેને રંગોત્સવ (વાર્ષિક દિન ઉજવણી - Annual Day Celebration) નિહાળવા માટે આમંત્રણ આપવાનું રહેશે.
- સ્થાનિક પદાધિકારી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી / જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, ડાયટના પ્રાચાર્ય, જિલ્લા OIC-QEM, માધ્યમિક પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટર, તાલુકા શિક્ષણાધિકારીશ્રી, નિરિક્ષકશ્રી, BRC કો. ઓર્ડિનેટર, શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, ભૂતપૂર્વ શિક્ષકો વગેરેને પણ આમંત્રિત કરવા.

- કાર્યક્રમ દરમિયાન વધુમાં વધુ વાલીઓ, ગ્રામજનો ઉપસ્થિત રહી શકે તેવો સમય પસંદ કરવો.
- કાર્યક્રમનું સ્થળ (શાળા પરિસર હિતાવહ છે) અને સમય તમામ માટે સુગમતા રહે તેવા રાખવા.
- કાર્યક્રમ દરમિયાન કોઈપણ જોખમી કૃતિ રજૂ કરવી નહીં. વિદ્યાર્થીઓની સુરક્ષાનું પૂરતું ધ્યાન રાખવું.
- કાર્યક્રમ દરમિયાન સ્થાનિક રીતે લાગુ પડતી તમામ મંજૂરીઓ અગાઉથી મેળવી લેવી.
- લાગુ પડતા સ્થાનિક પ્રશાસન, પોલીસ સ્ટેશન, અગ્નિશમન વિભાગ વગેરેને અગાઉથી કાર્યક્રમની જાણ કરવી તથા મંજૂરીઓ લેખિતમાં મેળવી લેવી.
- કાર્યક્રમ દરમિયાન શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા પ્રાપ્ત કરવામાં આવેલી સિદ્ધિઓને પ્રદર્શિત કરવી તથા સિદ્ધિ પ્રાપ્ત કરનાર, શાળાના દાતાશ્રીઓ વગેરેને સન્માનિત કરવા.
- પ્રત્યેક વર્ષે ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરનાર શાળાના કોઈ એક ભૂતપૂર્વ વિદ્યાર્થી અથવા શાળાના કોઈ એક ભૂતપૂર્વ શિક્ષકનું સન્માન યોજી શકાય.
- આ ગ્રાન્ટમાંથી આ કાર્યક્રમની કૃતિ રજૂ કરવા માટે કોસ્ચ્યુમ, લાઈટ-સાઉન્ડ, ફોટોગ્રાફી, ડેકોરેશન, મંડપનું ભાડું વગેરે અનુસંગિક ખર્ચ કરી શકાશે.
- કાર્યક્રમ બાદ તેનો લેખિત અહેવાલ (ફોટા સહિત) તૈયાર કરીને આચાર્યશ્રીએ ફાઈલ કરવાનો રહેશે.
- નિયમોનુસાર રંગોત્સવ અંતર્ગત થયેલ ખર્ચનો હિસાબ અને તમામ વાઉચર આચાર્યશ્રી દ્વારા જાળવવાના રહેશે.

રંગોત્સવ (વાર્ષિક દિન ઉજવણી - Annual Day Celebration)માં યોજી શકાય તેવી પ્રવૃત્તિઓની સૂચક યાદી

- બાળગીતનું ગાન
- અભિનયગીત
- કાવ્ય પઠન / લોકગીતનું ગાન
- દેશ ભક્તિગીતનું ગાન

- સંગીતના વાજિંત્રોનું વાદન
- એકપાત્રી અભિનય
- નૃત્ય / રાસ-ગરબા / વિવિધ રાજ્યોના પ્રાદેશિક નૃત્ય / આદિવાસી નૃત્ય
- શાળાની આખા વર્ષની સિદ્ધિઓ અને યોજાયેલા કાર્યક્રમોની ઝલક બતાવતી
- ફિલ્મ / સ્લાઈડ શૉ
- પપેટ શો
- રંગોળી નિર્માણ
- વકતૃત્વ
- વાર્તા કથન
- ટુચકા કથન
- પુસ્તક પરિચય
- પ્રતિભાનું સન્માન
- દાતાશ્રીઓનું સન્માન
- ભૂતપૂર્વ વિદ્યાર્થી / શિક્ષકનું સન્માન

નોંધ : અહીં આપવામાં આવેલી પ્રવૃત્તિઓની યાદી ઉપરાંત અન્ય પ્રવૃત્તિઓ પણ શાળા નક્કી કરી શકે છે.

ID-Card

માર્ગદર્શિકા

શાળા કક્ષાએ શાળા સલામતીના ભાગ સ્વરૂપે પ્રત્યેક વિદ્યાર્થી અને શાળામાં કાર્યરત કર્મચારીઓના ઓળખપત્ર (ID-Card) જરૂરી થઈ રહે છે. આ ID-Card વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે શાળા પરિસર ઉપરાંત વિવિધ પ્રસંગોએ વિવિધ સ્થળોની મુલાકાત, વિવિધ સ્પર્ધાઓમાં ભાગીદારી સમયે ઉપયોગી થઈ રહે છે. આથી તમામ PM SHRI શાળાઓના શિક્ષકો માટે Major Component : Curriculum, Pedagogy and Assessmentના Sub Component : Project Innovationના Activity Master : Project Innovation (Recurring) ની Sub Activity : Teacher's ID-Card હેઠળ પ્રત્યેક શિક્ષક દીઠ ₹ 50/- (અંકે રૂપિયા પચાસ) તથા તમામ PM SHRI શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે Major Component : Curriculum, Pedagogy and Assessmentના Sub Component : Project Innovationના Activity Master : Project Innovation (Recurring) ની Sub Activity : Identity Cards for Student હેઠળ પ્રત્યેક વિદ્યાર્થી દીઠ ₹ 50/- (અંકે રૂપિયા પચાસ)ની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.

Teacher 's ID-Cardમાં નીચેની વિગતો સામેલ કરી શકાય.

- શાળાનું નામ (સરનામું તથા શાળાના ફોન નંબર સહિત)
- શાળાનો લોગો (જો હોય તો)
- PM SHRI યોજનાનો લોગો

- શિક્ષકનું નામ
- હોદ્દો
- શિક્ષકનો ફોટો
- બ્લડ ગ્રુપ
- મોબાઈલ નંબર
- શિક્ષકની સહી
- મુખ્ય શિક્ષકની સહી (મુખ્ય શિક્ષકના ID-Cardમાં TPEO/EI શ્રી અથવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની સહી રાખવી.)
- વૉટરમાર્ક તરીકે અથવા ID-Card ની પાછળની બાજુએ શાળાનો ગોળ સિક્કો

Student 's ID-Cardમાં નીચેની વિગતો સામેલ કરી શકાય.

- શાળાનું નામ (સરનામું તથા શાળાના ફોન નંબર સહિત)
- શાળાનો લોગો (જો હોય તો)
- PM SHRI યોજનાનો લોગો
- વિદ્યાર્થીનું નામ
- જનરલ રજિસ્ટર નંબર
- ધોરણ અને વર્ગ
- જન્મ તારીખ
- વિદ્યાર્થીનો ફોટો
- સરનામું
- બ્લડ ગ્રુપ
- મોબાઈલ નંબર
- મુખ્ય શિક્ષકની સહી
- વૉટરમાર્ક તરીકે અથવા ID-Cardની પાછળની બાજુએ શાળાનો ગોળ સિક્કો

Teacher 's અને Student 's ID-Cardના અમલીકરણ બાબતે

- પ્રત્યેક શિક્ષક અને વિદ્યાર્થી દ્વારા શાળા પરિસરમાં સૌને દેખાય તે રીતે ID-Card પહેરી રાખવું.
- શાળા તરફથી અન્ય સ્થળોની મુલાકાત, સ્પર્ધાઓમાં ભાગ લેવા, તાલીમ, પ્રવાસ / પર્યટન / ફિલ્ડ વિઝીટ વગેરે દરમિયાન ફરજિયાત સાથે રાખવું.
- શાળામાં રચવામાં આવેલા બાલવૃંદ મુજબ ID-Cardની દોરી / પટ્ટીના રંગ અલગ રાખી શકાય.
- SMC / SMDCના સભ્યોને સાથે રાખીને ID-Card માટેની ડિઝાઈન ફાઈનલ કરવી.
- રાજ્ય સરકારના નાણા વિભાગ તથા સમગ્ર શિક્ષા દ્વારા અધ્યતન અમલમાં મુકવામાં આવેલા ખરીદ નીતિના નિયમોનું પાલન કરવું.

Sports Wear

માર્ગદર્શિકા

રમતો અને યોગમાં ભાગ લેવાથી શારીરિક અને માનસિક વિકાસમાં લાભ મળે છે. કેન્દ્ર સરકાર પણ ખેલો ઈન્ડિયા અને રાજ્ય સરકાર ખેલ મહાકુંભના આયોજન દ્વારા રમત-ગમત ક્ષેત્રમાં વિશેષ પ્રતિભા શોધીને તેઓને આંતરરાષ્ટ્રીય કક્ષાના ખેલાડી તૈયાર કરવા માટે વિવિધ યોજનાઓ ચલાવે છે. તેના ભાગ રૂપે શાળાઓમાં Sports and Physical Education ઉપર વિશેષ ભાર આપવામાં આવી રહ્યો છે. Sports and Physical Education માટે રાજ્યની મોટી શાળાઓમાં 'ખેલ સહાયક' અને દરેક PM SHRI શાળાઓમાં Sports/Yoga Coach/Teacherની નિમણૂક પણ કરવામાં આવી છે. શાળાઓમાં નિયમિત રીતે વિદ્યાર્થીઓને વિવિધ સ્પર્ધાત્મક રમતોમાં ભાગ લેવા માટે તૈયાર કરવામાં આવી રહ્યા છે. વિવિધ રમતોની સ્પર્ધા દરમિયાન ખેલાડીને કેટલાક વિશેષ પ્રકારના Sports Wearની જરૂરિયાત રહે છે. આ માટે PM SHRI યોજના માટેના વર્ષ 2025-26ના બજેટના Major Component : Curriculum, Pedagogy and Assessmentના Sub Component : Project Innovationના Activity Master : Project Innovation (Recurring) ની Sub Activity: Sports wear હેઠળ PM SHRI શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૈકી રમત-ગમતમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરતા 50 વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થી દીઠ ₹ 1,000/- લેખે પ્રત્યેક શાળાને કુલ ₹ 50,000/-ની ગ્રાન્ટ લિમિટ ફાળવવામાં આવી છે.

વિદ્યાર્થીઓની પસંદગીની પ્રક્રિયા

- શાળામાં ચાલતા તમામ ધોરણ પૈકી રમત-ગમત/યોગની વિવિધ સ્પર્ધાઓમાં સારું પ્રદર્શન કરતા શ્રેષ્ઠ 50 વિદ્યાર્થીઓની પસંદગી કરવી.
- મિશ્ર પ્રકારની શાળા હોય તો પસંદગીમાં કન્યા અને કુમાર વિદ્યાર્થીઓની સંખ્યા સરખી એટલે કે 25 કુમાર અને 25 કન્યાઓની પસંદગી કરવી.
- રમત-ગમત/યોગની સ્પર્ધાઓમાં ઉચ્ચ તબક્કે શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીથી શરૂ કરીને ક્રમશઃ ફાળવવામાં આવેલ સંખ્યા જેટલા વિદ્યાર્થીઓ મળી જાય ત્યાં સુધી ક્રમશઃ સ્પર્ધાના લેવલના ઊતરતા ક્રમમાં પસંદગી કરવી.

ઉપર દર્શાવ્યા પ્રમાણે અગાઉના પ્રદર્શનના આધારે પસંદગીની સંખ્યા 50 ના થાય તો શાળા કક્ષાએ રમત-ગમત/યોગની સ્પર્ધા યોજીને પસંદગીની પ્રક્રિયા પૂર્ણ કરવી.

Sports Wearની સૂચક યાદી

- રમત-ગમત / યોગ / કસરત દરમિયાન પહેરવા માટે Track-Suit
- T-shirt
- Inner Wear
- Sport Shoes
- પગના મોજાં
- વિવિધ રમત દરમિયાન જરૂરી હાથના મોજાં (Hand Gloves)
- વિવિધ રમત દરમિયાન પહેરવાના Safety Pads / Guards / Belts / Elbows
- Helmet / Caps
- કેટલીક રમતો માટે જરૂરી વિશેષ ચશ્માં (ઉદાહરણ તરીકે તરણ દરમિયાન પહેરવાના ચશ્માં)

વિદ્યાર્થીઓ માટે Sports Wearની ખરીદી બાબતે

- પસંદ થયેલા વિદ્યાર્થીના માપ અનુસાર જ Sports Wearની ખરીદી કરવી.

- વિદ્યાર્થીની રમતમાં ઉપયોગી હોય તેવા અને વિદ્યાર્થી પહેરવામાં અનુકૂળ હોય તેવા જ Sports Wearની પસંદગી કરવી.
- શાળાને ફાળવવામાં આવેલી કુલ ₹ 50,000/- ની મર્યાદામાં 50 વિદ્યાર્થીઓ માટે તેમની રમત / યોગની જરૂરિયાત અનુસાર Sports Wearની ખરીદી કરવી. એટલે કે કોઈ રમત માટેના Sports Wear ₹ 1,000/- કરતાં વધુ રકમના તો કોઈ રમત માટે ₹ 1,000/- કરતાં ઓછી રકમના પણ Sports Wearની જરૂર પડે તો તે રમતની જરૂરિયાત અનુસાર ખરીદી કરવી.
- તમામ Sports Wearની ખરીદી SMC / SMDC દ્વારા કરવાની રહેશે.
- શાળામાં કાર્યરત શિક્ષકો પૈકી રમત-ગમત કે યોગના શિક્ષક / રિસોર્સ પર્સન અથવા રસ ધરાવતા શિક્ષકના માર્ગદર્શનમાં Sports Wearની પસંદગી કરવાની રહેશે.
- અહીં આપવામાં આવેલી Sports Wearની યાદી સૂચક છે આથી શાળા SMC / SMDCની મંજૂરીથી આ યાદી ઉપરાંતના Sports Wearના સાધનો પણ વસાવી શકાશે.
- ખરીદી કરેલ Sports Wear જે-તે વિદ્યાર્થી માટે હોઈ શાળાની પ્રાર્થનાસભા / સમૂહસભા દરમિયાન વિદ્યાર્થીના વાલીની અને વિદ્યાર્થીની રજિસ્ટરમાં સહી મેળવીને વિદ્યાર્થીને આપવા.
- શાળાના આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓને આપેલા Sports Wear નિયત સમયમાં વિતરણ કરી તેનો નિયમિત ઉપયોગ થાય તેની ખાતરી કરવી.
- વિદ્યાર્થીને આપવામાં આવેલ Sports Wearની જાળવણી / સફાઈ અને યોગ્ય ઉપયોગ થાય તે માટે કાળજી રાખવી.
- સમગ્ર ખરીદીની પ્રક્રિયામાં રાજ્યના નાણા વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ અત્યાધુનિક ખરીદનીતિ અને સમગ્ર શિક્ષા દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવેલ નિયમોનું પાલન કરવું.
- શાળાએ આવા અન્ય સાધન-સામગ્રી પણ દાનમાં મેળવવા માટે પ્રયાસ કરવો.
- ખરીદીની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ એક અઠવાડિયામાં સીઆરસી. કૉ-ઓર્ડિનેટે પોતાના ક્લસ્ટરની તમામ PM SHRI શાળાઓમાં ખરીદવામાં આવેલ Sports Wearની ચકાસણી કરવાની રહેશે. આ ઉપરાંત અસલ બીલમાં દર્શાવેલ Sports Wearની ચકાસણી વિદ્યાર્થી સાથે અને વિતરણ રજિસ્ટરમાં જાતે ખરાઈ કરવાની રહેશે અને આ અંગેનું પ્રમાણપત્ર BRC કૉ.ઓર્ડિનેટરને જમા કરાવવાનું રહેશે.

- CRC દ્વારા ચકાસણીનું પ્રમાણપત્ર મળ્યા બાદ એક અઠવાડિયામાં તાલુકા કક્ષાએ તાલુકાની તમામ PM SHRI શાળાઓમાં Sports Wearની ચકાસણી સંબંધિત BRC કૉ-ઓર્ડિનેટરે કરવાની રહેશે. આ ઉપરાંત અસલ બીલમાં દર્શાવેલ Sports Wearની ચકાસણી વિદ્યાર્થી સાથે અને વિતરણ રજિસ્ટરમાં જાતે ખરાઈ કરવાની રહેશે અને આ અંગેનું પ્રમાણપત્ર જિલ્લા કક્ષાએ OIC-QEMને જમા કરાવવાનું રહેશે.
- BRC પાસેથી પ્રમાણપત્ર મળ્યા બાદ જિલ્લા કક્ષાએ આ Sports Wearની ચકાસણી માટે પાંચ સભ્યોની એક કમિટીની રચના કરવાની રહેશે. આ કમિટીએ 10 દિવસમાં જિલ્લાની ઓછામાં ઓછી 50% PM SHRI શાળાઓમાં (દરેક બ્લોકની 50%) ચકાસણી કરવાની રહેશે. આ ઉપરાંત અસલ બીલમાં દર્શાવેલ Sports Wearની ચકાસણી અને વિતરણ રજિસ્ટર સાથે ફરજિયાત ખરાઈ કરવાની રહેશે.

સંગીતના સાધનો

માર્ગદર્શિકા

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 (NEP-2020) અનુસાર બાળકનો સર્વાંગી વિકાસ થાય તે માટે શાળામાં શિક્ષક અને સમાજના સહયોગે વિવિધ પ્રયાસો કરવાની ભલામણ છે. સંગીત વિષયને પ્રાધાન્ય આપીને વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિનાં વારસાનું વહન, કલા દ્વારા આદર્શ બાબતોનું સ્થાપન, વ્યવહારિક કૌશલ્યોનું સંવર્ધન, કલા જ્ઞાન, પ્રકૃત્તિ સાથે તાદામ્યતા અને આવતીકાલના જીવનની દરેક પરિસ્થિતિઓમાં આજનું બાળક પોતાનું સ્વસ્થ યોગદાન આપી શકે તે મહત્વનું છે. શાલેય શિક્ષણમાં ભાષા અને ગણિત જેવા વિષયો સાથે-સાથે કલા, યોગ અને સર્જનની પ્રવૃતિઓને પણ એટલું જ મહત્વ આપવામાં આવે છે. શાળા દ્વારા શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રવૃત્તિ તરીકે વિવિધ આયામોનું નિર્માણ કરવાનું કાર્ય વધુ સતેજ થાય તે માટે વિવિધ કલાઓ પૈકીની એક-સંગીત કલાને ઉત્તેજન મળી રહે તે હેતુસર સંગીતના સાધનો વસાવવા માટે PM SHRI શાળાઓને ₹ 5,000/-ની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.

શાળામાં વસાવી શકાય તેવા સાધનોની સૂચક યાદી અને સાધનોનું ભાવપત્રક

(1 નંગ /1 જોડનો મહત્તમ ભાવ)

ક્રમ	સાધન/ વાજિંત્રનું નામ	મિનીમમ સ્પેસીફીકેશન	પ્રતિકાત્મક ચિત્ર	1 નંગ / 1 જોડનો મહત્તમ ભાવ
1.	ખંજરી (મઢેલી)	Made in steel ands bakelite with extra drum head nylon sheet. Approximate Wt. : 250 gm. Tambourine Size : Height : 2 inches x Width : 11 inch x Dia : 9 inches		₹ 180/-
2.	ખંજરી (સાદી)	Material : Plasic Size: Height : 2 inches x Dia : 9 inches, Approximate Wt. : 175 gm		₹ 150/-
3.	કરતાલ	Material : Made of High Grade plastic & steel, Size: Dimensions : Height - 2 cm, Width - 6.3 cm, Length - 21.5 cm, Approximate Wt. : 220 gm		₹ 250/-
4.	મંજીરા	A pair of hand cymbals, Made in Brass (પિત્તળ ધાતુના), Diameter of each cymbal 3 inches, Attached with cotton thread cord Approximate Wt : 200 gm		₹ 280/-
5.	ઘૂઘરા	Maracas with wooden/ Plastic handle, Hand Percussion-Steel (2 Piece), Approximate Wt: 300 gm, Size (L x W x H): 10 cm x 10 cm x 27 cm		₹ 250/-
6.	ડમરું	Material : Wood, Body Material : Mango Wood, Good Quality Skin Approximate Wt. : 120 gm, Size : Dia: 5 inches		₹ 200/-
7.	ઢોલક મોટું	Wood Dholak Indian Folk Musical Instrument with Drum Nuts N Bolt (દોરીવાળુ ન લેવું) Dimension: length : 16.5 Inches, Dia : 9.5 inches , Approximate Weight : 4 Kilograms		₹ 1500/-
8.	માઉથ ઓર્ગન	Material : Stainless Steel, 10 Hole Approximate Weight : 80 Gram		₹ 350/-
9.	વાંસળી	Material : Good quality Wood/Steel Approximate Weight : 45 Grams in wood & 90 Grams in Steel, Size : 15.5 Inches		₹ 350/-

ક્રમ	સાધન/ વાજિંત્રનું નામ	મિનીમમ સ્પેસીફીકેશન	પ્રતિકાત્મક ચિત્ર	1 નંગ / 1 જોડનો મહત્તમ ભાવ
10.	બોન્ગો (૨ ઢોલકી)	Pair of Wood Dholaki (Bongo) with Nuts N Bolt Big Dholaki : 7 inches X 7 Imches, Small Dholaki : 5 Inches X 7 Inches Approximate Weight : 1.4 Kg		₹ 750/-
11.	તબલા	Tabla Set, Body Material Steel/Metal and nepali sisam wood, Accessories : Hammer, Ring, Skin Cover, Bag Size : Height 11 Inches, Approximate Weight : 6 Kg		₹ 4500/-
12.	મ્યુઝીકલ કી બોર્ડ	Mini Keys Musical Keyboard (Best Quality) Number of Keys : 32, Approximate Weight : 1 Kg plus, Built-in speaker / Headphones jack		₹ 3200/-
13.	હાર્મોનિયમ	Harmonium with Carry Bag, 7 Stopper, Double Bellow, 39 key, Two reed, Bass Male, Approximate Weight : 9 Kg plus		₹ 7500/-

સંગીતના સાધનો ખરીદવા માટે માર્ગદર્શક સૂચનો

- શાળાએ ઉપર જણાવ્યા પ્રમાણે લાગુ પડતા સંગીતના સાધનો / વાજિંત્રો તેના સ્પેસિફીકેશન અને મહત્તમ ભાવની મર્યાદામાં ખરીદી કરવાની રહેશે.
- સંગીતના સાધનો / વાજિંત્રોની ખરીદી SMC / SMDC દ્વારા કરવાની રહેશે.
- શાળામાં કાર્યરત શિક્ષકો પૈકી સંગીત શિક્ષક/રિસોર્સ પર્સન અથવા સંગીતમાં રસ ધરાવતા શિક્ષકના માર્ગદર્શનમાં સાધનોની પસંદગી કરવાની રહેશે.
- અહીં આપવામાં આવેલી સાધનોની યાદી સૂચક છે. આથી શાળા SMC / SMDCની મંજૂરીથી આ યાદી ઉપરાંતના સંગીતના સાધનો પણ વસાવી શકેશે.
- સાધન / વાજિંત્રના સ્પેસિફીકેશન મિનિમમ છે એટલે કે આ સ્પેસિફીકેશન કરતાં વધુ ગુણવત્તાવાળા સ્પેસિફીકેશનના સાધન / વાજિંત્ર માર્ગદર્શિકામાં જણાવેલ મહત્તમ ભાવની મર્યાદામાં ખરીદી શકાશે.
- ખરીદી કરેલ સાધનો / વાજિંત્રોની શાળાના ડેડસ્ટોક રજિસ્ટરમાં બિનચૂક નોંધણી કરવાની રહેશે.

- સમગ્ર ખરીદીની પ્રક્રિયામાં રાજ્યના નાણા વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ અત્યાધુનિક ખરીદનીતિ અને સમગ્ર શિક્ષા દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવેલ નિયમોનું પાલન કરવું.
- શાળા આવા વધુ સાધનો દાનમાં પણ મેળવી શકે છે.
- ખરીદીની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ એક અઠવાડિયામાં CRC કૉ-ઓર્ડિનેટરે પોતાના ક્લસ્ટરની તમામ PM SHRI શાળાઓમાં ખરીદવામાં આવેલ સાધનો/ વાજિંત્રોની સ્પેસિફીકેશન મુજબ ચકાસણી કરવાની રહેશે. આ ઉપરાંત અસલ બીલમાં દર્શાવેલ સાધનો / વાજિંત્રોની ભૌતિક ચકાસણી અને ડેડસ્ટોક રજિસ્ટર સાથે જાતે મેળવણું કરવાનું રહેશે અને આ અંગેનું પ્રમાણપત્ર BRC કૉ. ઓર્ડિનેટરને જમા કરાવવાનું રહેશે.
- CRC દ્વારા ચકાસણીનું પ્રમાણપત્ર મળ્યા બાદ એક અઠવાડિયામાં તાલુકા કક્ષાએ તાલુકાની તમામ PM SHRI શાળાઓમાં સાધનો / વાજિંત્રોની સ્પેસિફીકેશન મુજબ ચકાસણી સંબંધિત BRCકૉ-ઓર્ડિનેટરે કરવાની રહેશે. આ ઉપરાંત અસલ બીલમાં દર્શાવેલ સાધનો / વાજિંત્રોની ભૌતિક ચકાસણી અને ડેડસ્ટોક રજિસ્ટર સાથે ફરજિયાત મેળવણું કરવાનું રહેશે અને આ અંગેનું પ્રમાણપત્ર જિલ્લા કક્ષાએ OIC-QEMને જમા કરાવવાનું રહેશે.
- બીઆરસી પાસેથી પ્રમાણપત્ર મળ્યાબાદ જિલ્લા કક્ષાએ આ સંગીતના સાધનો / વાજિંત્રોની ચકાસણી માટે પાંચ સભ્યોની એક કમિટીની રચના કરવાની રહેશે. આ કમિટીએ 10 દિવસમાં જિલ્લાની ઓછામાં ઓછી 50% PM SHRI શાળાઓમાં (દરેક બ્લોકની 50%) સ્પેસીફીકેશન મુજબ ચકાસણી કરવાની રહેશે. આ ઉપરાંત અસલ બિલમાં દર્શાવેલ સાધનો / વાજિંત્રોની ભૌતિક ચકાસણી અને ડેડસ્ટોક રજિસ્ટર સાથે ફરજિયાત મેળવણું કરવાનું રહેશે.

સંગીતના સાધનોના ઉપયોગ માટે

- વિદ્યાર્થીઓ દ્વારા દરરોજ પ્રાર્થનાસભામાં આ સાધનોનો ઉપયોગ થાય તે જરૂરી છે.
- સંગીતના સાધનો/વાજિંત્રો શાળાની શૈક્ષણિક તેમજ સહઅભ્યાસિક તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં વધુમાં વધુ તેમજ કાળજીપૂર્વક ઉપયોગ થાય તેની ખાસ તકેદારી રાખવાની રહેશે.
- સાધનો / વાજિંત્રોની યોગ્ય જાળવણી કરવાની રહેશે તેમજ આ સાધનો / વાજિંત્રો વિદ્યાર્થીઓના ઉપયોગ માટે છે જેથી સરળતાથી તેઓને ઉપલબ્ધ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

- શાળામાં રસ ધરવતા વિદ્યાર્થીઓને સંગીતના સાધનો / વાજિંત્રો વગાડવા માટેનો મહાવરો કરાવવો.
- કલા, ઉત્સવ અને વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે આ સાધનો / વાજિંત્રોનો ઉપયોગ કરવો.
- વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે વિદ્યાર્થીની સાથે જનાર શિક્ષકને સદર સાધન / વાજિંત્રની જવાબદારી સોંપવાની રહેશે.
- શાળામાં યોજાતા વિવિધ સંસ્કૃતિક કાર્યક્રમ, વિવિધ ઉત્સવોની ઉજવણી, શાળાના વાર્ષિક દિનની ઉજવણી (રંગોત્સવ) વગેરે સમયે આ સાધનો / વાજિંત્રોનો શાળાના વિદ્યાર્થીઓ / શિક્ષકો દ્વારા ઉપયોગ કરવો.
- કોઈપણ સમયે શાળા બહારના અન્ય વ્યક્તિઓને અથવા સંસ્થાઓને તથા કોઈના પણ વ્યક્તિગત ઉપયોગ માટે આ સાધનો / વાજિંત્રો આપી શકાશે નહીં. આ બાબતની સંપૂર્ણ જવાબદારી શાળાના આચાર્યશ્રીની રહેશે.

Social Science Kit

માર્ગદર્શિકા

સામાજિક વિજ્ઞાન એ વિદ્યાર્થીમાં નાગરિકતા, ઈતિહાસ, ભૂગોળ, અર્થશાસ્ત્ર અને સામાજિક પ્રક્રિયાઓ અંગેની સમજ વિકસાવવા માટે મહત્વપૂર્ણ વિષય છે. આ કિટ વિદ્યાર્થીના અનુભવાત્મક અભ્યાસને પ્રોત્સાહન આપશે અને અધ્યયનને રસપ્રદ બનાવશે. Social Science Kit વિદ્યાર્થીઓને તથ્યો, ઘટનાઓ અને સામાજિક પદ્ધતિઓ વિશે ઊંડાણપૂર્વક સમજ આપવામાં ઉપયોગી છે. ધોરણ-3 થી 12ના વિદ્યાર્થીઓ માટે Social Science Kit વસાવવા માટે વર્ષ 2025-26ના બજેટ અંતર્ગત PM SHRI શાળાઓને ₹ 5000/-ની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

કિટનો હેતુ

- ભૌગોલિક અને ઈતિહાસ સંબંધિત બાબતોને દૃશ્યમાન અને સ્પષ્ટ બનાવવી.
- શીખવા માટે અનુભવ આધારિત રીતોને પ્રોત્સાહિત કરવી.
- વિદ્યાર્થીઓને કાર્યશીલ શિક્ષણ માટે પ્રેરિત કરવા.
- વિદ્યાર્થીઓમાં જિજ્ઞાસા અને શોધવૃત્તિનો વિકાસ કરવો.
- નકશાઓ, મૉડેલ્સ, ચાર્ટ્સ અને રમત-ગમતના માધ્યમથી શિક્ષણને રસપ્રદ બનાવવું.

કિટના સાધનોની સૂચક યાદી

- ભારત અને ગુજરાતનો ભૌગોલિક નકશો. સાથે વિદ્યાર્થી પ્રવૃત્તિ માટે અમુક કોરા નકશા પણ રાખી શકાય.
- નકશામાં દિશા, સંજ્ઞાઓ દર્શાવતા પઝલ અથવા ચાર્ટ.
- ભારત અને ગુજરાતના ઐતિહાસિક અને રાજકીય નકશાઓ (સંસ્કૃતિઓ અને સામ્રાજ્યોના) સાથે વિદ્યાર્થી પ્રવૃત્તિ માટે અમુક કોરા નકશા પણ રાખી શકાય.
- ખંડોની ભૌગોલિક વિગતો દર્શાવતા નકશા અથવા મૉડલ્સ.
- ઐતિહાસિક સ્થળોના 3D મોડેલ
- ટાઈમલાઈન ચાર્ટ (મોટું બેનર બનાવી શકાય.)
- નાણાં વ્યવસ્થાની ચિત્રાવલી
- ગ્લોબ (Globe)
- સૌરમંડળ મૉડલ.
- ટોપોગ્રાફીક નકશાઓ
- પર્વતના પ્રકારો માટી અથવા ક્લેથી બનાવેલ મૉડલ
- પૃથ્વીની આંતરિક રચના અને સ્તરો દર્શાવતું મૉડલ
- જ્વાળામુખીનું મૉડલ
- પ્રોજેક્ટર
- 2D અને 3D ચાર્ટ્સ અને મૉડેલ્સ
- વિદ્યાર્થીઓના હસ્તે મૉડલ નિર્માણ માટે જરૂરી સામગ્રી
- ભારતીય ભાષાઓ અને શાસ્ત્રીય નૃત્યોની વિગતો સાથેના ચાર્ટ.
- સ્લાઈડ આલ્બમ
- ગુજરાત અને ભારતના મહત્વના ઐતિહાસિક સ્થળોના ચાર્ટ્સ
- પ્રાચીન સ્થળો અને તેમના હાલના નામ સાથેના ચિત્રો.
- પ્રાચીન લિપિ દર્શાવતા ચાર્ટ.

- અશોક ચક્રનું મૉડલ સારનાથ સ્તંભ સાથે.
- ભારતની પ્રાચીન વિદ્યાપીઠના ચિત્રો.
- હવામાન શાસ્ત્રીય સાધનો (પવનગતિમાપક, તાપમાનમાપક વગેરે)
- દિશા સૂચક યંત્રો
- Audio Visual Aids
- નોટીસ બોર્ડ
- ઐતિહાસિક વ્યક્તિઓના ચાર્ટ્સ
- અત્યાર સુધીના વડાપ્રધાનશ્રી, ગુજરાતના મુખ્યમંત્રીશ્રીની યાદી
- અક્ષાંશ, રેખાંશ, કટિબંધોની માહિતી સમજાવવા માટેના નમૂના/ચાર્ટ્સ
- જૂના સમયમાં ઉપયોગમાં લેવામાં આવતા વાસણો, સિક્કાઓ, ટપાલ ટિકિટો વગેરે, ચલણી નોટો.
- જૂના સમયમાં ઉપયોગી સંચાર માધ્યમના સાધનો
- આદિમાનવના ચિત્રો, હથિયારોના નમૂના, હડપ્પીય સંસ્કૃતિના નમૂના અથવા ચિત્ર

v આપત્તિ વ્યવસ્થાપન, રોડ સેફટી માટેના ચાર્ટ્સ.

- લુપ્ત થતાં પશુ, પક્ષી, જીવ-જંતુઓના ચાર્ટ્સ
- મતદાન કુટિર, મતદાન સામગ્રી, શાળા પંચાયત માટેની સામગ્રી.
- વિધાનસભા, લોકસભા, રાજ્યસભાના તફાવત દર્શાવતા ચાર્ટ્સ.

કિટના ઉપયોગ માટે માર્ગદર્શન

- શાળા દ્વારા એક નિર્ધારિત કલાકોમાં કિટનો ઉપયોગ કરવાનો સમયપત્રક તૈયાર કરવો.
- દરેક સાધન-સામગ્રી માટે શિક્ષક દ્વારા અગાઉથી આયોજન કરવું.
- વિદ્યાર્થીઓને નાના-નાના જૂથોમાં વહેંચીને પ્રવૃત્તિ આધારિત અભ્યાસ કરાવવો.
- દરેક પ્રવૃત્તિ પછી પુનરાવર્તન અને ચર્ચા કરવી.
- વિદ્યાર્થીઓને નિરીક્ષણ અને નોંધ રાખવા માટે પ્રોત્સાહિત કરવા.

Social Science Kit ખરીદવા માટે માર્ગદર્શક સૂચનો

- શાળામાં સામાજિક વિજ્ઞાન ભણાવતાં શિક્ષકના માર્ગદર્શનમાં કિટ માટેના સાધનોની યાદી તૈયાર કરવાની રહેશે.
- શાળા એ યાદી મુજબના સાધનોની ખરીદી SMC/SMDC મારફત કરવાની રહેશે.
- અહીં આપવામાં આવેલી સાધનોની યાદી સૂચક છે. આથી શાળા SMC/SMDCની મંજૂરીથી આ યાદી ઉપરાંતના સાધનો પણ વસાવી શકેશે.
- ખરીદી કરેલ Social Science Kitના સાધનોની શાળાના ડેડસ્ટોક રજિસ્ટરમાં બિનચૂક નોંધણી કરવાની રહેશે.
- સમગ્ર ખરીદીની પ્રક્રિયામાં રાજ્યના નાણા વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ અત્યાધુનિક ખરીદનીતિ અને સમગ્ર શિક્ષા દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવેલ નિયમોનું પાલન કરવું.
- શાળા આવા વધુ સાધનો દાનમાં પણ મેળવી શકે છે.

વિદ્યાંજલિ

(શાળા સ્વયંસેવક વ્યવસ્થાપન કાર્યક્રમ)

માર્ગદર્શિકા

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા સપ્ટેમ્બર, 2021માં વિદ્યાંજલિ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો. વિદ્યાંજલિ કાર્યક્રમ એ શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ અંતર્ગત ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા એક અનોખો શાળા સ્વયંસેવક વ્યવસ્થાપન કાર્યક્રમ છે.

આ કાર્યક્રમ સમુદાયો, સંગઠનો અને સ્વયંસેવકોને શહેરી તથા ગ્રામ્યના ભૌગોલિક ક્ષેત્રોમાં આવેલી શાળાઓ સાથે અનુબંધ સાધવાની તક પૂરી પાડે છે.

આ કાર્યક્રમના પ્રારંભનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓના સમગ્ર વિકાસ અને શાળા સંરચનામાં સુધારાની દિશામાં ખાનગી ક્ષેત્રના યોગદાનને સક્ષમ બનાવી શાળાની ગુણવત્તામાં સુધારો અને સરકારી તથા અનુદાનિત શાળાઓની સંરચનાને મજબૂત બનાવવાનો છે.

મૂળભૂત સેવાઓ / પ્રવૃત્તિઓ

- વિષય સહાયતા
- કલા અને હસ્તકલાનું શિ ક્ષણ
- યોગ અને રમત-ગમતનું શિક્ષણ
- ભાષા શિક્ષણ

- વ્યવસાયિક કૌશલ્ય શિક્ષણ
- દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે સહાયતા
- પ્રૌઢ શિક્ષણ
- બાળકો સાથે મળી વાર્તાઓનાં પુસ્તકો તૈયાર કરવા.
- વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન આપવું.
- પ્રવેશ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે સહાય
- મેધાવી / તેજસ્વી / પ્રતિભાશાળી બાળકોને માર્ગદર્શન

વિદ્યાંજલિ થતી અંતર્ગત સેવાઓ / પ્રવૃત્તિઓ

- પ્રશિક્ષિત સલાહકારો અને વિશેષ શિક્ષકોને સહયોગ આપવો.
- પ્રશિક્ષિત સલાહકારોને શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે સહયોગ પૂરો પાડવો.
- તજજ્ઞો દ્વારા વિશિષ્ટ વર્ગો
- ચિકિત્સકો (ડૉક્ટર) દ્વારા ચિકિત્સા શિબિરોનું આયોજન
- રમત-ગમત અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગીદારી માટે સહયોગ
- સ્વાસ્થ્ય અને સ્વચ્છતાનાં સંસાધનો માટે સહયોગ
- યોગ્ય શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓ માટે વિશેષ ઉપચારાત્મક વર્ગોને સહયોગ પૂરો પાડવો.
- ખાસ જરૂરિયાતવાળા બાળકો માટે શિબિરો ગોઠવવી.
- કન્યાઓ માટે સ્વ-રક્ષણ શિક્ષણ પૂરું પાડવું.

માળખાકીય સુદ્રઢીકરણ અને સંસાધન યોગદાન દ્વારા મૂલ્યવર્ધન

- મૂળભૂત સિવિલ અને વિદ્યુત માળખું
- સહ-અભ્યાસિક અને રમત-ગમતની સામગ્રી
- ડિજિટલ માળખું
- વર્ગની જરૂરી સામગ્રીઓ

- આરોગ્ય અને સલામતી સહાય
- નિવાસી શાળાઓની સામગ્રીઓ
- જાળવણી અને સમારકામ
- સ્વચ્છતા, સફાઈ અને ખાદ્ય સામગ્રી
- સાધન-સામગ્રી
- લેખન સામગ્રી

સહયોગી સાથે સંકલન અને પ્રોત્સાહક પ્રણાલી

- **સમર્થન** : રાજ્ય, જિલ્લો, SMC
- **સહયોગી** : વ્યક્તિગત દાતા, સંસ્થા કે સમુદાય
- **લાભાર્થી** : શાળા, શિક્ષક, વિદ્યાર્થી

ઉદ્દેશ્ય

- સમગ્ર ભારતમાં સરકારી અને અનુદાનિત શાળઓમાં શૈક્ષણિક સંસાધનો અને ગુણવત્તાયુક્ત માળખાકીય સુવિધાઓની પ્રાપ્તિ સરળ કરવી.
- શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા, સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ, તંદુરસ્તી, માનસિક સ્વાસ્થ્ય અને મૂળભૂત માળખાનું સુદ્દઢીકરણ.
- ખાનગી ક્ષેત્રોની ભાગીદારીના માધ્યમથી શાળાઓ અને વ્યવસ્થાપન પર પડનાર કાર્ય દબાણને ઘટાડવું.
- સ્વયંસેવાના માધ્યમથી નાગરિકો સમુદાયો અને સંગઠનોની ભાગીદારીને સક્ષમ બનાવવું અને વિદ્યાર્થીઓના સમગ્ર વિકાસમાં તેના યોગદાનને વધારવું.
- નિર્ધારિત લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે સ્વયંસેવકો, સરકાર, શાળાઓ, વ્યવસ્થાપન એકમો અને વિદ્યાર્થીઓસહિત સર્વ હિતકારોની વચ્ચે સંકલન અને સામૂહિક કાર્યોને પ્રોત્સાહન આપવું.
- વિશેષ જરૂરિયાતવાળા બાળકો માટે ગુણવત્તાસભર શિક્ષણ પ્રાપ્તિ સાથે સમાવેશી શાળા સમુદાયોનું સાથે-સાથે નિર્માણ કરવું.

કોણ સ્વયંસેવા કરી શકે છે ?

- ભારતના નાગરિકો, NRIs અથવા ભારતીય મૂળના લોકો
- સેવા આપતા અને સેવા નિવૃત્ત શિક્ષકો
- સેવામાં અને સેવા નિવૃત્ત વૈજ્ઞાનિકો / સરકારી અર્થ
- સરકારી અધિકારીઓ
- સેવા નિવૃત્ત સશસ્ત્ર દળોના કર્મચારીઓ
- સ્વરોજગાર મેળવતા અને પગારદાર વ્યવસાયિકો
- શૈક્ષણિક સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ
- ગૃહિણીઓ
- ભારતમાં નોંધાયેલા સંગઠન / સંસ્થા / કંપની / જૂથ

વિદ્યાંજલિમાં કેવી રીતે સહભાગી થવું ?

- વિદ્યાંજલિ પોર્ટલ https://vidyanjali.education.gov.in પર ઍક્સેસ કરી શકાય છે.
- સ્વયંસેવકો પોર્ટલ પર નોંધણી કરાવી શકે છે અને બે શ્રેણીઓમાં યોગદાન આપી શકે છે : સેવાઓ/પ્રવૃત્તિઓ અને સંપત્તિ / સામગ્રી / ઉપકરણો.
- UDISE + કોડ ધરાવતી શાળાઓ પોર્ટલ પર નોંધણી કરાવશે.
- શાળાઓ જરૂરિયાત મુજબની સેવાઓ, સંસાધનો, પ્રવૃત્તિઓ, સાધનો, સામગ્રીઓ વગેરેની યાદી રજૂ કરશે.
- શાળા દ્વારા રજૂ કરેલ વિનંતી મુજબ સ્વયંસેવકો પોતાની કુશળતા, રસ-રૂચિના આધારે શાળાઓને આંશિક કે સંપૂર્ણ યોગદાન આપવા માટે તેમની રૂચિ વ્યક્ત કરી શકે છે.

ટેકનોલોજી-સક્ષમ સ્વયં સેવા

વિદ્યાંજલિ કાર્યક્રમમાં તમામ કામગીરી અને પ્રયાસોને સક્ષમ બનાવવા માટે સર્વ સમાવેશી ઈ-પોર્ટલ છે. સ્વયંસેવક નોંધણી, શાળા નોંધણી, માહિતીનું વ્યવસ્થાપન અને સ્વયંસેવક અને તેમના યોગદાનના પ્રયત્નોને ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા સક્ષમ બનાવે છે.

Notes....

ક્રમ	પ્રવૃત્તિનું નામ	પ્રવૃત્તિ પૂર્ણ થયા તારીખ	પ્રાપ્ત થયેલ ગ્રાન્ટ (₹ માં)	ખર્ચ થયેલ ગ્રાન્ટ (₹ માં)
8	એક ભારત શ્રેષ્ઠ ભારત			
9	વાલી-શિક્ષક મિટિંગ			
10	પ્રાકૃતિક ખેતી (ઓર્ગેનિક ફાર્મિંગ) પ્રોજેક્ટ			
11	રાષ્ટ્રીય આવિષ્કાર અભિયાન ગણિત / વિજ્ઞાન કિટ			
12	રોબોટિક અને એન્જિનીયરિંગ કિટ			
13	રંગોત્સવ			
14	ID-Card			
15	Sports Wear			
16	સંગીતના સાધનો			
17	Social Science Kit			

આ સામગ્રી સમગ્ર શિક્ષા, ગાંધીનગર તરફથી વિનામૂલ્યે આપવામાં આવેલ છે. (વર્ષ 2025-26)